રજુ તારીખ :	૨૪	૦૯	૨૦૦૪
દાખલ તારીખ :	૨૪	૦૯	૨૦૦૪
ફેસલ તારીખ :	૩૦	૦૫	૨૦૧૯
અવધિ	વર્ષ	માસ	દિવસ
	૧૪	૦૮	૦૬

મે.અમદાવાદ મજુર અદાલત નં.૪ ના પ્રિસાઈડીંગ ઓફિસર શ્રી સમક્ષ, મુ.અમદાવાદ

રેફરન્સ (ટી) કેસ નં.૧૩૪૮/૨૦૦૪
આંક–૮૧

પ્રથમ પક્ષકાર :– **ઈન્ગરસોલ રેન્ડ(ઈન્ડીયા)લી.,**
હે. જી.આઈ.ડી.સી. એસ્ટેટ,
નરોડા,અમદાવાદ.

: વિરુધ્ધ :

બીજા પક્ષકાર :– **ગણપતભાઈ રામજીભાઈ રાઠોડ,**
હે. રામપ્રસાદની ચાલી,અનિલ સ્ટાર્ચ રોડ,
નરોડારોડ, અમદાવાદ.
૮/૦ આદર્શ મજદુર યુનિયન,
હે. ૧૦, ગાયત્રીધામ સોસાયટી,જામફળવાડી,
રામોલ રોડ,જનતાનગર પો.ઓ.અમદાવાદ.

બાબત **:–ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૧૦(૧)(સી) અન્વયે ન્યાય–નિર્ણય બાબત.**

પ્રતિનિધિઓ:–

પ્રથમ પક્ષકાર તરફે :– વિ.વ.શ્રી ડી.સી.ગાંાધી
બીજા પક્ષકાર તરફે :– વિ.પ્રતિ.શ્રી પી.સી.ચૌધરી.

– :: એ વો ર્ડ :: –

(૧) ઉપરોકત બંને પક્ષકારો વચ્ચેનો ઔદ્યોગિક વિવાદ અને તેનાં નિરાકરણ અર્થે આઈ.ડી.એકટની કલમ ૧૦(૧) (સી) હેઠળ મદદનીશ મજુર કમિશનર, અમદાવાદના તા.૨૧/૯/૨૦૦૪ ના હુકમ ક્રમાંક: કેએચ/એસ એચ એમ સી / આર /–/એજે–આઈ.ડી.આર/૪૨૯/૦૪,તા.૨૧/૦૯/૨૦૦૪ થી મજુર અદાલત, અમદાવાદ ને તેના ન્યાય–નિર્ણય અર્થે સુપ્રત કરેલ છે.

(૨) આ રેફરન્સની અનુસુચિ પ્રમાણે **ગણપતભાઈ રામજીભાઈ રાઠોડ**ને તેમની મૂળ જગ્યાએ પડેલા દિવસોના પુરા પગાર સહિત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ? તેનો ન્યાય નિર્ણય કરવાનો છે.

(૩) આ કામમાં સરળતા ખાતર પ્રથમ પક્ષકારને હવે પછી **સામાવાળા/સંસ્થા** તરીકે અને બીજા પક્ષકારોને **અરજદાર/કામદાર** તરીકે સંબોધવામાં આવશે.

(૪) આ કામે પક્ષકારોને કોર્ટ તરફથી નોટિસની બજવણી બેલીફશ્રી મારફતે કરવામાં આવેલ છે.અરજદાર તરફે તેમના વિધ્વાન પ્રતિનિધિશ્રીનું અધિકારપત્ર રજુ કરવામાં આવેલ છે. અરજદાર તરફે આંક–૫ થી માંગણાનું નિવેદન રજુ કરવામાં આવેલ છે જેની ટૂંકમાં હકીકત એવી છે કે, અરજદાર સામાવાળા સંસ્થામાં તા.૧/૦૩/૧૯૭૪ ના રોજ નિમણુંક પામી કાયમી કામદાર તરીકે તેમની ફરજો સંપુર્ણ ખંત અને વફાદારીપુર્વક બજાવતા હતા. તેઓને નોકરી દરમ્યાન કોઈ નોટિસ કે શો–કોઝ નોટિસ આપવામાં આવેલ નથી એટલે કે અરજદારનો કામનો રેકોર્ડ તદ્દન સ્વચ્છ તેમજ ડાઘરહિતનો છે. સામાવાળા સંસ્થામાં ૩૦૦ થી વધારે કામદારો કામ કરે છે તેથી સંસ્થાને આઈ.ડી.એકટ, ફેકટરી એકટ, બોનસ એકટ, ગ્રેજ્યુઈટી એકટની જોગવાઈઓ લાગુ પડે છે,તેનું પાલન કરવાની સંસ્થાની જવાબદારી છે.અરજદાર સંસ્થામાં વફાદારીપુર્વક ફરજો બજાવતા હતા તેમ છતા,

સંસ્થાના મેનેજર શ્રી રજનીકાંત કે.પટેલ અરજદાર પ્રત્યે ભેદભાવભર્યુ તેમજ કિન્નાખોરીવાળુ વર્તન રાખતા હતા તેથી તે સમયે યુનિયન કે જે યુનિયન સંસ્થામાં સંસ્થા માટે બનાવવામાં આવેલ તેના લીડર શ્રી દિનેશભાઈ કે.પટેલ કે જે મેનેજર શ્રી રજનીકાંત કે. પટેલના સગાભાઈ થાય છે તેઓના મેળાપીપણાંમાં અરજદાર કામદારની પાસેથી બળજબરીથી રાજીનામું તા.૧૦/૧૨/૨૦૦૧ ના રોજ લખાવી લીધેલ અને તે રાજીનામું અરજદાર પાસેથી બળજબરીથી લખાવેલ હોઈ અરજદારે તેઓની વિરુધ્ધ ફરીયાદ નોધાવવાનું નકકી કરેલ પરંતુ, તેઓએ અરજદારને તેમ ના કરવાની સલાહ આપેલ અને લોભ લાલચ આપેલ કે '' હાલ અમો તમારુ રાજીનામું લખાવેલ છે પરંતુ તેનો ઉપયોગ કરવાનો નથી'' કારણ કે, તેઓને ઉપરથી ઓર્ડર હોઈ લખાવી લીધેલ છે પરંતુ ફરીથી અરજદારને કામે રાખવા જણાવેલ.આમ,લાલચ આપી અરજદાર કામદારને ભરમાવેલ અને અરજદારને બળજબરીથી લખાવેલ રાજીનામા વિરુધ્ધ ફરીયાદ કરવા દીધેલ નહી અને તે પછી અરજદાર કામદારને તા.૧૫/૧૨/૨૦૦૧ ના રોજ હિસાબનો ચેક આપી નોકરી માંથી છુટા કરી દીધેલ છે.

૪.૧) વધુમાં આ કામના અરજદાર તેમના આંક-૫ થી રજુ માંગણા નિવેદનમાં જણાવે છે કે, આ અગાઉ અરજદાર કામદારની તા.૨૩/૪/૨૦૦૧ ના રોજ પણ તૈયાર રાજીનામામાં સહી મેળવેલ અને તેનો હિસાબ તા.૧૩/૫/૨૦૦૧ ના રોજ આપેલ પરંતુ તે પછી નોકરીમાંથી છુટા કરેલ નહી અને આપેલ ચેક પણ પરત મેળવી લીધેલ. પરંતુ તે પછી તા.૧૦/૧૨/૨૦૦૧ ના રોજ ફરીથી એજ રીતે સ્વૈચ્છિક નિવૃત્તિ યોજના હેઠળ એક તૈયાર રાજીનામામાં સહી લઈ લીધેલ. જયારે તે સમયે સદર યોજના (સ્કીમ) ની મુદત પણ પુરી થઈ ગયેલ હતી અને તે સમયે અરજદારને અગાઉ જે વર્તેલ તેવું જ થવાનું છે તે મલબના ભ્રમમાં રાખી રમત

રમી તથા યુનિયનના લીડર અને મેનેજરશ્રી સગા ભાઈ હોઈ અન્ય સ્ટાફના અધિકારીઓના મેળાપીપણ ામાં અરજદાર કામદારને નોકરીમાંથી છુટા કરી દીધેલ છે તેમજ અરજદાર કામદારને સ્વૈચ્છિક નિવૃત્તિ યોજના હેઠળની રકમ કરતા ઓછી રકમનો ચેક આપેલ છે એટલે કે ઓછી રકમ ચુકવેલ છે જે રકમ ચુકવતા સમયે અરજદારને એવું જણ ાવવામાં આવેલ કે, અગાઉ જે રીતે તમોને ચેક આપેલ અને રાજીનામામાં સહીઓ લેવામાં આવેલ પરંતુ નોકરીમાંથી છુટા કરવામાં આવેલ નથી તેવી જ રીતે આ સમયે પણ તમોને નોકરીમાંથી છુટા કરવામાં આવશે નહી. તેથી અરજદારને મળેલ ચેકને પણ બેન્કમાં ના જમા કરાવવાની સુચના આપવામાં આવેલી જેથી અરજદાર કામદારે સંસ્થાના યુનિયનના લીડરના ભ્રમમાં રહેલ અને કોઈ ફરીયાદ કરેલ નહી અને સદર ચેક બેન્કમાં જમા કરાવેલ નહી. પરંતુ તે પછી અરજદારને સામાવાળા સંસ્થાના મેનેજર /અધિકારીએ સદર ચેક બેન્કમાં જમા કરાવવાનું કહેલ પરંતુ તે ચેકની રકમને નહી વાપરવા સ્પષ્ટપણે જણ ાવેલ. જેથી અરજદારે હાલમાં પણ સદર ચેકની રકમ તેમના બચત ખાતામાં એમની એમ જમા રહેવા દીધેલ છે. વધુમાં અરજદારનું ફેમીલ પેન્શન અને પી.એફ.નું ફોર્મ પણ ભરવામાં આવેલ નથી. વધુમાં અરજદારને સામાવાળા સંસ્થાના અધિકારી ધ્વારા વારંવાર એવું જણ ાવવામાં આવેલ કે,તેઓને ફરીથી કામ ઉપર લઈ લેશે,પરંતુ કામ ઉપર લેવામાં આવેલ નથી તથા અરજદારને સ્વૈચ્છિક નિવૃતિ યોજના હેઠળ મળવા પાત્ર ખરેખરની રકમ પણ ચુકવી આપવામાં આવેલ નથી. આમ અરજદારને ભ્રમમાં રાખી લોભ લાલચ તથા ષડયંત્ર ગોઠવી ખોટી રીતે તૈયાર કરેલ રાજીનામામાં સહીઓ મેળવી લેવામાં આવેલ તેથી નોકરીમાંથી છુટા કરવામાં આવેલ તે મતલબનો સ્પષ્ટ ખ્યાલ આવી ગયેલ. આમ,અરજદારને સામાવાળા સંસ્થાએ

બેકાર બનાવેલ છે,તે મતલબની એક નોટિસ વકીલ મારફત મોકલેલ જે સંસ્થા ને મળી ગયેલ છે તેમ છતાં સંસ્થાએ કોઈ જવાબ આપેલ નહી કે નોકરીમાં પુન:સ્થાપિત કરેલ નહી કે અરજદારને કાયદેસરના મળવા પાત્ર રકમની ચુકવણી કરેલ નથી. ઉપરોકત સંસ્થાનું કૃત્ય ખોટુ, ગેરવ્યાજબી તથા કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરુધ્ધનું, આઈ.ડી.એકટની જોગવાઈઓ વિરુધ્ધ તેમજ સ્ટેન્ડીંગ ઓર્ડસ વિરુધ્ધનું છે જેથી અરજદારે નોકરીમાં પુન:સ્થાપિત થવા મદદનીશ મજુર કમિશનર સમક્ષ આઈ.ડી.આર. ફરીયાદ દાખલ કરેલ તે ફરીયાદની નોટિસ સંસ્થાને બજી ગયેલ છતાં સંસ્થા તરફે મુદતમાં કોઈ હાજર રહેલ નથી કે સમાધાનની કાર્યવાહીમાં ભાગ લીધેલ નથી. તેથી રેફરન્સ ન્યાય-નિર્ણય માટે નામ. અદાલતમાં રીફર થયેલ છે. સબબ પેરા-૬ માં સામાવાળા સંસ્થાએ તેઓને તા.૧૫/૧૨/૨૦૦૧ ના રોજથી છુટા કરેલ તે કૃત્યને ગેરકાયદેસર ઠરાવી છુટા કર્યા તારીખથી અરજદારને પડેલ દિવસોના પગાર તેમજ આનુસાંગિક લાભો સાથે નોકરીમાં પુન:સ્થાપિત કરવા અને રેફરન્સ ખર્ચ સંસ્થા પાસેથી વસુલ અપાવવાની દાદ માંગેલ છે.

(૫) આ કામમાં સામાવાળા સંસ્થા તરફે આંક-૬ થી તેમના વિધ્વાન વકીલશ્રીનું વકીલાતનામું રજુ કરવામાં આવેલ છે તેમજ આંક-૯ થી સામાવાળા સંસ્થાએ અરજદારના માંગણાના નિવેદન વિરુધ્ધનો લેખીત જવાબ રજુ કરેલ છે જેમાં માંગણાના નિવેદનમાં જણાવેલી હકીકતો સાચી ન હોઈ તેઓને કબુલ મંજુર નથી. અરજદારને આ પ્રકારનો રેફરન્સ સામાવાળા કંપની સામે નામ.મજુર અદાલત સમક્ષ કરવાનો કાયદેસરનો કોઈ હકક અધિકાર નથી. અરજદારના માંગણા નિવેદનનો જવાબ રજુ કરતા પહેલા સામાવાળા કંપની ઉપરોકત રેફરન્સ કેસની કાયદેસરતાના મુળને સ્પર્શતા/પડકારતા કેટલાક પ્રાથમિક મુદ્દાઓ ઉપસ્થિત કરેલ છે. આ પ્રાથમિક મુદ્દાનો ઉપરોકત રેફરન્સ કેસને ગુણદોષ

ઉપર સાંભળતા પહેલા સૌપ્રથમ ન્યાય–નિર્ણય કરી હુકમ ફરમાવવા વિનંતી કરેલ છે. વધુમાં સામાવાળા સંસ્થા પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરે છે કે સામાવાળા કંપનીએ વોલેન્ટરી રીટાયરમેન્ટ સ્કીમ બહાર પાડેલ હતી અને તે સ્કીમ હેઠળ અરજદાર કામદારે તા.૧૦/૧૨/૨૦૦૧ ના રોજ રાજીનામું આપેલ અને તે સ્કીમમાં નકકી થયા મુજબના લાભો પણ સંબંધીત કામાદરને સામાવાળા કંપની ધ્વારા ચુકવી આપેલ હતા તેમ છતાં સંબંધીત કામદાર ધ્વારા આ રેફરન્સ સને ૨૦૦૪ ની સાલમાં દાખલ કરીને નામ. અદાલતમાં ખુબ જ લાંબા સમય બાદ ઉપસ્થિત કરેલ છે તે સંજોગોમાં સદરહુ રેફરન્સ આ જ પ્રાથમિક મુદ્દા ઉપર રદ થવાને પાત્ર છે.વધુમાં પ્રાથમિક મુદ્દાની તકરારને બાધ ન આવે તે રીતે સામાવાળા કંપની પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરી જણાવેલ છે કે,સંબંધીત કામદારે તા.૧૦/૧૨/ ૨૦૦૧ ના રોજ કંપનીમાંથી વી.આર.એસ. સ્કીમ હેઠળ રાજીનામું આપી છુટા થયેલ હોઈ તેઓએ સદરહુ સ્કીમમાં નકકી થયા મુજબના તમામ લાભો કંપનીએ ચુકવી દીધેલ હોઈ અરજદાર કામદારે સદર રકમ મેળવી લીધા છતાં આ વિવાદ આશરે ૩ વર્ષ પછી ઉપસ્થિત કરેલ છે. આમ તા.૧૫/૧૨/૨૦૦૧ બાદ સામાવાળા કંપની અને સંબંધીત કામદાર વચ્ચે માલિક / કામદારના સંબંધનો અંત આવી જાય છે. આ અંગે તેઓ વિવિધ ચુકાદા ઉપર આધાર રાખે છે જેથી સદરહુ રેફરન્સ આ પ્રાથમિક મુદ્દા ઉપર રદ થવાને પાત્ર છે. ઉપરોકત પ્રાથમિક મુદ્દાની તકરારોને બાધ ન આવે તે રીતે સત્ય હકીકતો જણાવેલ છે કે, સને ૨૦૦૧ ની સાલમાં કંપનીએ વોલેન્ટરી રિટાયરમેન્ટ સ્કીમ જાહેર કરેલ હતી તે સ્કીમ હેઠળ આ કામના અરજદાર કામદારે તા.૧૦/૧૨/૨૦૦૧ ના રોજ ફોર્મ ભરી તેમાં સહી કરીને સદરહુ સ્કીમમાં નકકી થયા મુજબના લાભો મેળવીને છુટા થયેલ હતા. ત્યારબાદ અરજદાર કામદારે આશરે ૩ વર્ષ પછી સદરહુ વિવાદ ઉપસ્થિત કરેલ

હોઈ રેફરન્સ ખર્ચ સહીત રદ થવાને પાત્ર છે. વધુમાં સામાવાળા સંસ્થાની રજુઆત છે કે સદરહુ વી.આર.એસ.સ્કીમ મુજબના રુા.૫,૦૦,૦૦૦/− રુા.૩,૦૦૧/− કંપનીએ જાહેર કરેલ ગીફ્ટ રુા.ર,૦૩ર/− બાકી રહેલા રજાના રુા.ર,૭૮,૯૭૩/−,ગ્રેજ્યુઈટીના રુા.૧૦,૮૩૮,જી.એસ.એલ.આઈ.કલેઈમના તેમજ રુા.ર,૯૫૭−ર૬ વર્ષ ર૦૦૧−ર૦૦ર ના બોનસના એમ કુલ રુા.૭,૯૭,૮૦૧ −ર૬ ચુકવી આપેલ. વધુમાં સમાવાળા સંસ્થાએ જણાવેલ છે કે સદરહુ સ્કીમ હેઠળ તા.૧૦/૧ર/ર૦૦૧ ના રોજ અરજદારે ફોર્મ ભરી આપેલ હતુ અને તે સ્કીમમાં નકકી થયા મુજબ અરદારે તા.૧૫/૧ર/ર૦૦૧ ના રોજ રુા.૫,૦૦,૦૦૦/− ચુકવી આપેલ હતા તે અરજદારે સહી કરીને સ્વીકારેલ હતા. ત્યારબાદ કંપની અને કામદાર વચ્ચે માલિક કામદારના સંબંધનો અંત આવેલ હોઈ સદરહુ રેફરન્સ ખોટી રીતે ઉપજાવી કાઢેલ હોઈ તે ખર્ચ સહીત રદ થવાને પાત્ર છે. અરજદારે સદરહુ સ્કીમ હેઠળ રાજીનામું આપેલ હતુ તે સ્કીમમાં નકકી થયા મુજબના મેડીકલ કલેઈમના લાભોમાં તા.૧૫/૪/ર૦૧૬ સુધી અરજદારને સામાવાળા કંપની ઘ્વારા નકકી કરવામાં આવેલ લાભો મળવા પાત્ર હતા તેમા પણ અરજદારે સહી કરેલ હતી તેમજ સામાવાળાએ અરજદારને કંપનીમાં કરેલ કામગીરીનું સર્ટિફીકેટ પણ આપેલ હતુ જે અરજદારે સહી કરીને સ્વકારેલ હતુ. વધુમાં અરજદારે તા.૧૭/૧ર/ર૦૦૧ ના રોજ ગ્રેજ્યુઈટી મેળવવા માટે અરજી કરેલહ તી તેમાં પણ અરજદારે સ્વેચ્છાએ રાજીનામું આપી કંપનીની નોકરીમાંથી છુટા થયેલ છે તેવુ જણાવેલ હતુ. અરજદારે ગ્રેજ્યુઈટીનું ફોર્મ−આઈ પણ તે જ દિવસે ભરેલ હતુ.આ સંજોગોમાં અરજદારે સામાવાળા કંપનીમાંથી વી.આર. એસ.સ્કીમ મુજબ રાજીનામું આપી કાયદેસરના મળવા પાત્ર હકકો લઈ સ્વેચ્છાએ છુટા થયા બાદ નામ.કોર્ટ સમક્ષ ખોટી રીતે વિવાદ ઉપસ્થિત કરેલ હોઈ

આ રેફરન્સ ખર્ચ સહીત રદ થવાને પાત્ર છે. વધુમાં માંગણાંના નિવેદનની પેરાવાઈઝ હકીકતોનો ઈન્કાર કરી જણાવે છે કે અરજદારે વચગાળાના સમયમાં બીજી કોઈ નોકરી યા કમાણી કરેલ નથી તે માન્ય રાખતા નથી તેમ જણાવી રેફરન્સ રદ કરવા અરજ કરેલ છે.

૫.૧) પક્ષકારો તરફે આ કામે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

અરજદાર તરફે મૌખિક પુરાવા:-

અ.નં	વિગત	માર્ક/આંક
૧.	અરજદાર ગણપતભાઈ રામજીભાઈ રાઠોડની સરતપાસની એફીડેવીટ.	આંક-૧૨
૨.	અરજદાર ગણપતભાઈ રામજીભાઈ રાઠોડની જુબાનીની વધારાની એફીડેવીટ.	આંક-૪૮

અરજદાર તરફે દસ્તાવેજી પુરાવા:-

અ.નં	વિગત	તારીખ	માર્ક
૧.	પ્રથમ પક્ષકારને માંગણાનું નિવેદન મોકલેલ તેના કવરીંગ લેટરની ઝેરોક્ષ નકલ.	૧૦/૧/૦૫	૮/૧
૨.	પ્રથમ પક્ષકારને માંગણાના નિવેદન રજુ કર્યા તેની રજી. ની સ્લીપ અસલ.	૧૩/૧/૦૫	૮/૨
૩.	પ્રથમ પક્ષકારને માંગણાના નિવેદન મળ્યાની એ.ડી. સ્લીપ અસલ.	૧૭/૧/૦૫	૮/૩
૪.	બેન્કમાં ચેક જમા કરાવેલ તે સ્લીપની ઝેરોક્ષ નકલ.	૩૦/૫/૦૨	૧૧/૧
૫.	બેન્કની પાસબુકની ચેક જમા કરાવ્યા સમયની ઝેરોક્ષ નકલ.	-	૧૧/૨
૬.	વકીલ મારફતે આપેલ નોટિસની નલક.	૩૧/૫/૦૪	૧૧/૩

૭.	નોટિસ રજી.કર્યાની પહોંચ.	–	૧૧/૪
૮.	નોટિસ બજી ગયેલ તેની એકનોલેજમેન્ટ અસલ.	–	૧૧/૫
૯.	નામ.ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્પે. સી. એ. ૨૫૪૭/૧૬ માં કરવામાં આવેલ હુકમની નકલ.	–	૪૪/૧
૧૦.	પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકાર કામદારને લખેલ પત્ર અસલ.	૧૩/૫/૦૧	૪૫/૧
૧૧.	પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકાર કામદારને લખેલ પત્ર અસલ.	૧૧/૧૨/૦૧	૪૫/૨
૧૨.	પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકાર કામદારને આપેલ અનુભવનું સર્ટિફીકેટ અસલ.	૧૫/૧૨/૦૧	૪૫/૩
૧૩.	પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકાર કામદારને લખેલ પત્ર અસલ.	૧૫/૧૨/૦૧	૪૫/૪
૧૪.	બીજા પક્ષકાર કામદારની એપ્રિલ–૨૦૦૧ ની પગાર સ્લીપ તથા તેને આપવામાં આવેલ ઓળખકાર્ડની નકલ.	–	૪૫/૫
૧૫.	બીજા પક્ષકાર કામદારના સ્કુલ લીવીંગની ઝેરોક્ષ નકલ.	–	૪૯/૧

૫.૨) વધુમાં હાલના કામે આંક–૧૨ થી તા.૦૪/૦૪/૨૦૦૮ ના રોજ અરજદાર તર્ફે તેમની લેખિત સરતપાસનુ સોગંદનામું રજુ થયા બાદ,સામાવાળા સંસ્થા તર્ફે અરજદારની ઉલટતપાસ લેવા કોઈ દરકાર લેવામાં ન આવતા, અરજદાર અને તેમના વિધ્વાન પ્રતિનિધિશ્રીએ આંક–૧૩ થી સામાવાળા સંસ્થાનો ઉલટ તપાસનો હકક બંધ કરવા તા.૨૨/૮/૨૦૦૮ ની અરજી લગત મારા વિધ્વાન પુરોગામી ન્યાયાધીશશ્રીએ અરજદારની સામાવાળા સંસ્થા તરફે ઉલટ તપાસનો હકક બંધ કરવા હુકમ કરેલ છે. ત્યારબાદ અરજદાર તરફે આંક–૧૪ થી તા.૨૧

/૧૧/૨૦૦૮ ના રોજ કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.વધુમાં અરજદારના વિધ્વાન પ્રતિનિધિશ્રીએ આંક–૧૫ થી તા.૧૭/૨/૨૦૦૯ ના રોજ સામાવાળા સંસ્થાનો સાક્ષી પુરાવાનો હકક બંધ કરવાની અરજી આપતા સદર અરજી ઉપર મારા વિધ્વાન પુરોગામીશ્રી ધ્વારા હુકમ કરીને સામાવાળાનો સાક્ષી પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ સામાવાળા સંસ્થા તરફે તેમના વિધ્વાન વકીલશ્રીએ આંક–૧૭ થી સંસ્થા તરફે અરજદારની ઉલટ તપાસ તથા તેમનો પુરાવાનો હકક રી–ઓપન કરવાની અરજી લગત મારા વિધ્વાન પુરોગામી ન્યાયાધીશશ્રીએ સામાવાળા સંસ્થા અરજદારને ખર્ચના રુા.૩૦૦/–(અંકે રુપિયા ત્રણસો પુરા) ચુકવી આપ્યેથી સંસ્થાનો અરજદારની ઉલટ તપાસનો હકક તેમજ તેમના પુરાવાનો હકક રી–ઓપન કરવાનો હુકમ કરેલ છે.

૫.૩) વધુમાં હાલના કામે સામાવાળા સંસ્થા તરફે આંક–૨૬ થી પ્રાથમિક મુદ્દાની અરજી તા.૧/૯/૨૦૧૪ ના રોજ આપેલ જેમાં અરજદારે વી.આર.એસ. સ્કીમ મુજબ સ્વૈચ્છિક રાજીનામું આપેલ હોઈ તે વિવાદ અદાલત સમક્ષ ચલાવવા માંગતા હોય તો અરજદારે વી.આર.એસ.ના નાણાં અદાલતમાં નિયત સમયે એટલે કે બે થી ત્રણ માસમાં જમા કરાવવા પડે ત્યારબાદ જ સદર બાબતે ન્યાય–નિર્ણય થઈ શકે,નહી તો સંપુર્ણ રેફરન્સ રદબાતલ થાય તેવી પ્રાથમિક મુદ્દાની અરજીમાં દાદ માંગી અરજીમાં ઉલ્લેખ કરેલ ચુકાદાઓ ઉપર આધાર રાખેલ. સદર અરજીનો અરજદાર તરફે આંક–૨૭ થી લેખીત જવાબ સાથે બેન્ક પાસબુકની ઝેરોક્ષ રજુ કરેલ.વધુમાં આ કામના અરજદાર તેમને વી.આર.એસ મુજબ મળેલ રકમ કોર્ટમાં જમા ન કરાવે તો,તેમનો હાલનો રેફરન્સ કેસ રદ કરવા સામાવાળા ધ્વારા આંક–૨૮ થી તા.૦૪/૦૮/૨૦૧૫ ના રોજ અરજી આપવામાં આવેલ.જે અરજીનો અરજદાર તર્ફે આંક–૨૯ થી જવાબ રજુ થયેલ છે. ત્યારબાદ મારા વિધ્વાન

પુરોગામી ન્યાયાધીશશ્રીએ સામાવાળા સંસ્થાની આંક–૨૬ ની અરજી લગત પક્ષકારોના વિધ્વાન પ્રતિનિધિશ્રી/વિધ્વાન વકીલશ્રીઓને સાંભળી સામાવાળા સંસ્થાની આંક–૨૬ ની અરજી અંશત:મંજુર કરી અરજદારને વી.આર.એસ. હેઠળ મળેલ રકમ રુા.૭,૯૭,૮૦૧/– ૩૦ દિવસમાં મજુર અદાલત અમદાવાદની કચેરી ખાતે જમા કરાવવા હુકમ કરેલ. જો અરજદાર કામદાર ઉપરોકત હુકમ અન્વયે રકમ જમા કરાવવામાં નિષ્ફળ જશે તો રેફરન્સ ઓટોમેટીક રદ થશે તેવો હુકમ કરેલ છે.

૫.૪) વધુમાં અરજદાર કામદાર તરફે આંક–૨૬ ની અરજી હેઠળના હુકમના અનુસંધાને ફેરવિચારણા અરજી આંક–૩૨ થી દાખલ કરેલ,જે અરજીનો સામાવાળા સંસ્થા તરફે આંક–૩૫ થી લેખીત જવાબ રજુ કરેલ છે.વધુમાં અરજદાર તર્ફે આંક–૩૮ થી તા.૫/૨/૨૦૧૬ ના રોજ અરજી આપી,તેઓએ વી.આર.એસ સ્કીમ હેઠળ સામાવાળા સંસ્થા પાસેથી મેળવેલ રૂા.૫,૦૦,૦૦૦/– કોર્ટમાં જમાં લેવા અરજ ગુજારતા,સદરહું અરજી લગત મારા વિધ્વાન પુરોગામી ન્યાયાધીશશ્રીએ રજીસ્ટ્રાર લેબર કોર્ટ, અમદાવાદને નાણાં સ્વીકારવા આદેશ કરેલ છે. ત્યારબાદ અરજદારના વિધ્વાન પ્રતિનિધિશ્રી તરફે આંક–૩૯ થી આંક–૨૬ ના હુકમમાં ટાઈપોગ્રાફીકલ ભુલ હોવાનું જણાવી સુધારા અરજી આપેલ જે અરજી લગત મારા વિધ્વાન પુરોગામી ન્યાયાધીશશ્રીએ તા.૮/૨/૨૦૧૬ ના રોજ હુકમ કરી અરજદારની અરજી રદ કરવાનો હુકમ કરેલ છે.

૫.૫) વધુમાં આ કામના અરજદાર ધ્વારા આંક–૨૬ ના હુકમથી નારાજ થઈ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એસ.સી.એ. નં–૨૫૪૭/૨૦૧૬ દાખલ કરવામાં આવેલ. જે કામે નામ. ગુજરાત હાઈકોર્ટે તા. ૯/૩/૨૦૧૬ ના રોજના હુકમમાં આંક–૨૬ ની અરજી લગત તા. ૨૦/૧૦/૨૦૧૫ ના રોજના મજુર અદાલતના હુકમમાં રુા.૭,૯૭,૮૦૧/– અરજદારને જમા કરાવવા હુકમ કરેલ તેમાં ફેરફાર કરી

રૂા.૫,૦૦,૦૦૦/– જમા કરાવવાનો હુકમ કરેલ છે. ત્યારબાદ પક્ષકારો તરફે વધુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે. વધુમાં વ્યાજની નુકસાની ન જાય તે હેતુસર અરજદાર ધ્વારા અત્રેની અદાલતમાં જમા કરાવવામાં આવેલ રકમ રૂા.૫,૦૦,૦૦૦/–અલ્હાબાદ બેંક,લાલ દરવાજા,અમદાવાદ ખાતે રસીદ નં.૭૯૩૭૨૬ થી તા.૨૨/૦૨/૨૦૧૬ ના રોજ ફીકસ ડીપોઝીટ માં મુકવામાં આવેલ છે.

૫.૬) અરજદાર તરફે આંક–૪૬ થી સામાવાળા સંસ્થા અરજીમાં જણાવ્યા મુજબના દસ્તાવેજો રજુ કરે તે મતલબની અરજી તા.૩/૫/૨૦૧૬ ના રોજ રજુ કરેલ છે જે અરજી અન્વયે સામાવાળા સંસ્થા તરફે આંક–૪૭ થી તા.૨૭/૬/૨૦૧૬ ના રોજ લેખીત જવાબ રજુ કરેલ છે. સદરહુ આંક–૪૬ ની અરજી અન્વયે પક્ષકારોના વિધ્વાન પ્રતિનિધિશ્રી/વિધ્વાન વકીલશ્રીઓને સાંભળી અરજદારની અરજી અંશત:મંજુર કરી સામાવાળા સંસ્થાએ અરજીમાં સ્વૈચ્છિક નિવૃત્તિ યોજનાની નકલ રજુ કરાવવા માટે માંગણી કરેલ છે તે સ્વૈચ્છિક નિવૃત્તિ યોજનાની નકલ દિન–૧૫ માં રજુ કરવાનો હુકમ કરેલ છે. જયારે અરજદારની અન્ય દસ્તાવેજો રજુ કરાવવાની માંગણી ગ્રાહય રાખવામાં આવેલ નથી.

૫.૭) સામાવાળા સંસ્થા તરફે તા. ૨૧/૮/૨૦૧૭ ના રોજ આંક–૫૬ થી દસ્તાવેજો રજુ કરી આંક–૫૭ થી રજુ કરેલ દસ્તાવેજો અન્વયે અરજદારની વધુ ઉલટ તપાસ કરવા માંગતા હોઈ અરજદારની ઉલટ તપાસનો હકક રી–ઓપન કરવાની અરજી કરેલ. જે અરજી અન્વયે અરજદાર તરફે આંક–૫૮ થી તા.૧૨/૯/૨૦૧૭ ના રોજ લેખીત જવાબ રજુ કરેલ. ત્યારબાદ પક્ષકારોના વિધ્વાન પ્રતિનિધિશ્રી / વિધ્વાન વકીલશ્રીઓને સાંભળી આંક–૫૭ ની અરજી લગત તા.૧૯/૯/૨૦૧૭ ના રોજ હુકમ કરી સામાવાળા સંસ્થાની અરજદારની ઉલટ તપાસ રી–ઓપન કરવાની

અરજી નામંજુર કરવાનો હુકમ કરેલ છે.

૫.૮) <u>સામાવાળા સંસ્થા તરફે મૌખિક પુરાવા:–</u>

અ.નં	વિગત	આંક
૧.	શ્રી સૌરીન વિરેન્દ્રભાઈ શાહની જુબાની.	૬૧
૨.	પ્રથમ પક્ષકાર કંપની તરફે કલોઝીંગ પુરસીસ.	૬૯

<u>સામાવાળા સંસ્થા તરફે દસ્તાવેજી પુરાવા:–</u>

અ.નં	વિગત	માર્ક/ આંક
૧.	બીજા પક્ષકારે વોલેન્ટરી રિટાયરમેન્ટ સ્કીમ હેઠળ આપેલ અરજીની નકલ. તા. ૧૦/૧૨/૨૦૦૧.	આંક–૫૦
૨.	પ્રથમ પક્ષકાર કંપનીએ બીજા પક્ષકારનું ઉપરોકત વી.આર.એસ.સ્કીમ હેઠળના લાભો મેળવવા આપેલ અરજીનો સ્વીકર કરતા પત્રની નકલ. તા.૧૧/૧૨/૦૧.	આંક–૫૧
૩.	પ્રથમ પક્ષકાર કંપનીએ બીજા પક્ષકારને મેડીકલ કવરેજ અંગે કંપનીએ જે લાભ આપેલ છે તે બાબતના પત્રની નકલ. તા.૧૫/૧૨/૨૦૦૧.	૧૦/૩
૪.	પ્રથમ પક્ષકાર કંપનીીએ બીજા પક્ષકારને આપેલ સર્વિસ સર્ટિફીકેટની ઓફીસ કોપીની નકલ. તા.૧૫/૧૨/૦૧	આંક–૫૨
૫.	બીજા પક્ષકારે ગ્રેજયુઈટી બાબતે પ્રથમ પક્ષકાર કંપનીને આપેલ અરજીની નકલ. તા.૧૭/૧૨/૦૧.	આંક–૫૩
૬.	બીજા પક્ષકારે ધી પેમેન્ટ ઓફ ગ્રેજયુઈટી એકટ હેઠળ પ્રથમ પક્ષકાર કંપનીમાં રજુ કરેલ ફોર્મ–આઈ ની નકલ. તા.૧૭/૧૨/૦૧.	૧૦/૬
૭.	બીજા પક્ષકારનું ગ્રેજયુઈટી બાબતનું પ્રથમ પક્ષકાર કંપનીએ ભરેલ ગ્રેજયુઈટીના ફોર્મની ખરી નકલ.	૧૦/૭
૮.	પ્રથમ પક્ષકાર કંપનીએ બીજા પક્ષકારને વી.આર.એસ. અંગેના તમામ લાભો ચુકવી આપેલ તે બાબતના	૧૦/૮

	વિગતવાર સ્ટેટમેન્ટની નકલ.	
૯.	પ્રથમ પક્ષકાર કંપનીએ તા.૩૧/૮/૧૯૯૯ ના રોજ જાહેર કરેલ વી.આર.એસ.સ્કીમ જે તા.૧૦/૫/૧૯૯૯ ના રોજ ઈન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટમાં રજુ કરેલ જેને તા.૧૨/૭/૧૯૯૯ ના રોજ મંજુરી મળેલ તેની ઝેરોક્ષ નકલ. પાન નં–૧ થી ૬.	૫૬/૧
૧૦.	પ્રથમ પક્ષકાર કંપનીએ સને ૧૯૯૬ થી તા.૩૧/૧ ૨/૦૧ સુધીના સમયગાળામાં વી.આર.એસ. સ્કીમ હેઠળ વી.આર.એસ. લીધેલ કામદારોના નામ, હોદ્દો, ગ્ર ેડ દાખલ તારીખ, ખાતુ અને છુટા થયા તારીખ દર્શાવતા સ્ટેટમેન્ટની ઝેરોક્ષ નકલ. પાન નં–૧ થી ૪	૫૬/૨
૧૧.	પ્રથમ પક્ષકાર કંપનીમાં કામ કરતા શ્રી બી.આર.યાદવે વી.આર.એસ. સ્કીમ હેઠળ આપેલ રાજીનામું કંપની દ્વારા તા.૨૮/૪/૦૧ ના રોજ મંજુર થયેલ તેની ઝેરોક્ષ નકલ.	૫૬/૩
૧૨.	પ્રથમ પક્ષકાર કંપનીમાં કામ કરતા શ્રી એસ.ફેલીક્ષે વી.આર.એસ. સ્કીમ હેઠળ આપેલ રાજીનામું કંપની દ્વારા તા.૩૧/૭/૦૧ ના રોજ મંજુર થયેલ તેની ઝેરોક્ષ નકલ.	૫૬/૪
૧૩.	પ્રથમ પક્ષકાર કંપનીમાં કામ કરતા શ્રી એસ.આર.રાવતે વી.આર.એસ. સ્કીમ હેઠળ આપેલ રાજીનામું કંપની દ્વારા તા.૩૧/૭/૦૧ ના રોજ મંજુર થયેલ તેની ઝેરોક્ષ નકલ.	૫૬/૫
૧૪.	પ્રથમ પક્ષકાર કંપનીમાં કામ કરતા શ્રી એસ.ડી.ટેલરે વી.આર.એસ. સ્કીમ હેઠળ આપેલ રાજીનામું કંપની દ્વારા તા.૨૯/૮/૦૧ ના રોજ મંજુર થયેલ તેની ઝેરોક્ષ નકલ.	૫૬/૬
૧૫.	પ્રથમ પક્ષકાર કંપનીમાં કામ કરતા શ્રી કે.જે.પટેલ ેવી.આર.એસ. સ્કીમ હેઠળ આપેલ રાજીનામું કંપની દ્વારા તા.૨૩/૧૧/૦૧ ના રોજ મંજુર થયેલ તેની ઝેરોક્ષ નકલ.	૫૬/૭

૧૬.	પ્રથમ પક્ષકાર કંપનીમાં કામ કરતા શ્રી જી.આર.વણઝારાએ વી.આર.એસ. સ્કીમ હેઠળ આપેલ રાજીનામું કંપની ધ્વારા તા.૧૧/૧૨/૦૧ ના રોજ મંજુર થયેલ તેની ઝેરોક્ષ નકલ.	૫૬/૮
૧૭.	પ્રથમ પક્ષકાર કંપનીમાં કામ કરતા શ્રી જે.સી.કંઝારીયાએ વી.આર.એસ. સ્કીમ હેઠળ આપેલ રાજીનામું કંપની ધ્વારા તા.૧૧/૧૨/૦૧ ના રોજ મંજુર થયેલ તેની ઝેરોક્ષ નકલ.	૫૬/૯
૧૮.	પ્રથમ પક્ષકાર કંપનીમાં કામ કરતા શ્રી એસ.એસ.રાઠોડે વી.આર.એસ. સ્કીમ હેઠળ આપેલ રાજીનામું કંપની ધ્વારા તા.૧૧/૧૨/૦૧ ના રોજ મંજુર થયેલ તેની ઝેરોક્ષ નકલ.	૫૬/૧૦
૧૯.	પ્રથમ પક્ષકાર કંપનીના સને ૨૦૦૧–૦૨ ના વર્ષના એન્યુઅલ રીપોર્ટની ઝેરોક્ષ નકલ.	૫૬/૧૧
૨૦.	કંપનીએ તા.૨૭/૮/૧૯૯૭ ના રોજ મુકેલ વી.એસ.સ્કીમની નકલ.	૬૭/૧
૨૧.	કંપનીએ શ્રી બી.આર.યાદવને તા.૨૮/૪/૨૦૦૧ ના રોજ આપેલ રીલીવઓર્ડરની નકલ.	૬૭/૨
૨૨.	કંપનીએ શ્રી એસ.ફેલીક્ષને તા.૩૧/૭/૨૦૦૧ ના રોજ આપેલ રીલીવઓર્ડરની નકલ.	૬૭/૩
૨૩.	કંપનીએ શ્રી એસ.આર.રાવતને તા.૩૧/૭/૨૦૦૧ ના રોજ આપેલ રીલીવઓર્ડરની નકલ.	૬૭/૪
૨૪.	કંપનીએ શ્રી એસ.ડી.ટેલશને તા.૨૯/૮/૨૦૦૧ ના રોજ આપેલ રીલીવઓર્ડરની નકલ.	૬૭/૫
૨૫.	કંપનીએ શ્રી કે.જે.પટેલને તા.૩૦/૧૧/૨૦૦૧ ના રોજ આપેલ રીલીવઓર્ડરની નકલ.	૬૭/૬
૨૬.	કંપનીએ શ્રી જી.આર.વણઝારાને તા.૧૧/૧૨/૨૦૦૧ ના રોજ આપેલ રીલીવઓર્ડરની નકલ.	૬૭/૭
૨૭.	કંપનીએ શ્રી જે.સી.કણજારીયાને તા.૧૧/૧૨/૨૦૦૧ ના રોજ આપેલ રીલીવઓર્ડરની નકલ.	૬૭/૮

૨૮.	કંપનીએ શ્રી સી.એસ.રાઠોડને તા.૧૧/૧૨/૨૦૦૧ ના રોજ આપેલ રીલીવઓર્ડરની નકલ.	૬૭/૯
૨૯.	કંપનીએ આંક-૫૬ ના લીસ્ટથી ૫૬/૩ થી ૫૬/૧૦ સુધીના જુદા જુદા કામદારો વી.આર.એસ. સ્કીમ હેઠળ છુટા થયેલ તે કામદારોની કંપનીમાં દાખલ તારીખ,જન્મતારીખ અને નિવૃત્તિની તારીખની વિગતોનું સ્ટેટમેન્ટ.	૫૬/૧૦

(૬) હાલના રેફરન્સના કામે પક્ષકારો તર્ફે ઉપર મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયા બાદ,હાલનું કામ આખરી દલીલો માટે રાખતા,અરજદારપક્ષે વિ.વ.શ્રી પી.સી.ચૌધરીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.અરજદારપક્ષના વિ.વ.શ્રી તેમની વિધ્વતાભરી મૌખિક દલીલોમાં જણાવે છે કે, આ કામનાં અરજદાર તે સામાવાળા સંસ્થામાં તા. ૦૧/૦૩/૧૯૭૪ થી ફરજ બજાવતા હતા. સંસ્થામાં કામ કરતા મેનેજર રજનીકાંત પટેલ તથા યુનીયન લીડર દીનેશભાઈ પટેલ અરજદાર પાસેથી બળજબરી પુર્વક તા.૧૦/૧૧/૨૦૦૧ નાં રોજ વી.આર.એસ. સ્કીમ હેઠળ સ્વૈચ્છીક રાજીનામું લખાવી લીધેલ. જે રાજીનામામાં આધારે સામાવાળા સંસ્થાએ તા.૧૫/૧૨/૨૦૦૧નાં રોજ અરજદારને નોકરીમાંથી છુટા કરેલ. અરજદાર પાસેથી અગાઉ પણ તા.૨૩/૦૪/૨૦૦૧નાં રોજ વી.આર.એસ. સ્કીમ હેઠળ રાજીનામું મેળવવામાં આવેલ પરંતુ અરજદારને નોકરીમાંથી છુટા કરેલ નહી.

૬.૧) વધુમાં અરજદાર તરફેનાં વિ.વ.શ્રી તેમની મૌખીક દલીલોમાં જણાવે છે કે, હાલનાં કામે કોર્ટ સમક્ષની કાર્યવાહી દરમ્યાન સામાવાળા સંસ્થા તરફે અવારનવાર સમાધાન માટે મુદત અરજીઓ આપવામાં આવેલ હતી. વધુમાં આ કામે અરજદાર પક્ષે આંક-૪૬ થી ડીસ્કવરી અરજી રજુ કરી સામાવાળા સંસ્થાનાં કબજામાં

રહેલ સને ૨૦૦૧ ની વી.આર.એસ. સ્કીમ રજુ કરવા અરજ ગુજરવામાં આવતા, અત્રેની અદાલત ધ્વારા અરજદારની આંક–૪૬ની અરજી હેઠળ હુકમ કરી સામાવાાળ સંસ્થામાં સને ૨૦૦૧ માં ચાલુ વી.આર.એસ.સ્કીમનાં દસ્તાવેજો રજુ કરવા હુકમ કરેલ હોવા છતા સામાવાળા સંસ્થા ધ્વારા અત્રેની કોર્ટનાં હુકમ મુજબ સને ૨૦૦૧ની કોઈ વી.આર.એસ.સ્કીમનાં દસ્તાવેજો રજુ થયેલ નથી. વધુમાં આ કામે સામાવાળા સંસ્થા તરફે માર્ક–૫૬/૧ થી રજુ વી.આર.એસ.સ્કીમ નાં દસ્તાવેજો ધ્યાને લેતા, સદરહુ વી.આર.એસ.સ્કીમનો સમયગાળો તા. ૦૧ /૦૯/૧૯૯૯ થી ૩૦/૦૯/૧૯૯૯ સુધીનો જણાવેલ છે. સદરહુ માર્ક–૫૬/૧ ધ્યાને લેતા સામાવાળા સંસ્થામાં વી.આર.એસ.સ્કીમ તા.૩૧/૦૩/૨૦૦૦ સુધી લંબાવવામાં આવેલ હતી. તા.૩૧/૦૩/૨૦૦૦નાં સમયબાદ સામાવાળા સંસ્થામાં વી.આર.એસ.સ્કીમ અમલમાં હોય તે દર્શાવતો કોઈ લેખીત આધાર પુરાવો આ કામે સામાવાળા સંસ્થા તરફે રજુ થયેલ નથી.

૬.૨) વધુમાં અરજદાર તરફેનાં વિ.વ.શ્રી તેમની મૌખીક દલીલોમાં જણાવે છે કે, આ કામે અરજદાર તરફે તેમનાં આંક–૪૫ નાં લીસ્ટથી દસ્તાવેજો રજુ થયેલ છે. જે માર્ક –૪૫/૧ નો દસ્તાવેજ ધ્યાને લેતા તે એપ્રિલ–૨૦૦૧માં સંસ્થાએ મંજુર કરેલ અરજદારની સ્વૈચ્છીક નિવૃતીનો સ્વીકાર કરેલ હોવાનો પત્ર છે. સદરહુ પત્ર મુજબ અરજદારને એપ્રિલ–૨૦૦૧ બાદ નોકરીમાંથી છુટા કરવામાં આવેલ નહી. વધુમાં માર્ક–૪૫/૨ નાં પત્ર મુજબની કોઈ રકમ સામાવાળા સંસ્થા ધ્વારા અરજદારને ચકવવામાં આવેલ નથી. વધુમાં સામાવાળા સંસ્થામાં ફરજ બજાવતા મેનેજર તથા યેનીયન લીડરનાં કહેવાથી અરજદારે વી.આર.એસ.સ્કીમ હેઠળનાં તૈયાર કાગળોમાં સહી કરેલ હોય તેમજ સામાવાળા સંસ્થા ધ્વારા અરજદાર ને મૌખીક રીતે નોકરીમાંથી છુટા ન કરવાની બાંહેધરી આપવામાં આવેલ હોવાથી,

આ કામનાં અરજદારે વી.આર.એસ.સ્કીમ હેઠળ મળેલ વળતરની રકમનો ચેક આશરે ૫ માસ બાદ તેમનાં બેન્ક એકાઉન્ટમાં જમા કરાવેલ છે. સામાવાળા સંસ્થા ધ્વારા અરજદારને નોકરીમાં ચાલુ રાખવાનો ભરોસો આપવામાં આવેલ હોવાથી અરજદારે વી.આર.એસ.સ્કીમ હેઠળ મળેલ વળતરની રકમનો ચેક જે તે સમયે બેન્કમાં જમા કરાવેલ નહી.

૬.૩) વધુમાં અરજદાર તરફેનાં વિ.વ.શ્રી ધ્વારા તેઓની મૌખીક દલીલો દરમ્યાન આ કામે આંક–૬૧ હેઠળ થયેલ સંસ્થાનાં સાહેદ સૌરીન વિરેન્દ્રભાઈ શાહની ઉલટતપાસ અત્રેની કોર્ટ સમક્ષ વાંચીને રીફર કરી જણાવે છે કે, સને ૨૦૦૧ ની સાલમાં સામાવાળા સંસ્થામાં કોઈ માન્ય વી.આર.એસ.સ્કીમ અમલમાં ન હોવા છતા સંસ્થા ધ્વારા ખોટી રીતે અરજદાર પાસેથી વી.આર.એસ.સ્કીમ હેઠળ સ્વૈચ્છીક નિવૃતી લેવામાં આવેલ છે.વધુમાં ડીસેમ્બર–૨૦૦૧માં અરજદાર ને નોકરીમાંથી છુટા કર્યા બાદ અરજદારને અન્ય કોઈ જગ્યાએ નોકરી મળેલ નથી. અરજદાર હાલના રેફરન્સનાં ચાલુ કામે અન્ય જગ્યાએ કામ–ધંધો કરી કોઈ આવક મેળવતા હોય, તે બતાવતો કોઈ આધાર પુરાવો સામાવાળા સંસ્થા તરફે રજુ થયેલ નથી. વધુમાં આ કામે માર્ક–૪૯/૧ થી રજુ અરજદારનું સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ ધ્યાને લેતા અરજદારની જન્મ તારીખ ૧૯/૧૨/૧૯૫૫ હોવાથી આ કામનાં અરજદાર હાલ તેમની નિવૃતી હોય વટાવી ગયેલ છે. સામાવાળા સંસ્થા ધ્વારા ડીસેમ્બર–૨૦૦૧માં અરજદારને ખોટી રીતે વી.આર.એસ સ્કીમ નાં બહાના હેઠળ નોકરીમાંથી છુટા કરવામાં આવેલ હોય, જે સંસ્થાનું કૃત્ય ગેરકાયદેસરનું હોવાથી આ કામનાં અરજદારને તેમને છુટા કર્યા તારીખથી નિવૃતી તારીખ સુધીનાં પડેલ દિવસોનાં પુરેપુરા પગાર તથા અન્ય મળવા પાત્ર તમામ લાભો ની રકમ સામાવાળા સંસ્થા પાસેથી અપાવવા યોગ્ય હુકમ કરવા અરજ

ગુજારેલ છે. વધુમાં અરજદાર તરફેનાં વિ.વ.શ્રી દ્વારા તેઓની ઉપરોકત મૌખીક દલીલો નાં સમર્થનમાં નીચે મુજબનાં ન્યાયીક ચુકાદાઓ રજુ થયેલ છે. જે ન્યાયીક ચુકાદાઓ અત્રેની અદાલત દ્વારા માનપુર્વક રીતે વંચાણે લેવામાં આવેલ છે.

<u>અરજદાર પક્ષે રજુ થયેલ ન્યાયીક ચુકાદાઓ :–</u>

1) Veterinary Officer & Ors. Vs. Rajendrashinh R. Jhala 1997 II CLR 986 (Gujrat High Court)

2) Ariane Orgachem Pvt. Ltd. Vs. Wyeth Employees Union & Others 2015(4) LLN 277 (SC)

(૭) વધુમાં આ કામે સામાવાળા સંસ્થા તરફે તેમનાં વકિલશ્રી ગાંધી દ્વારા આંક–૭૯ થી તા.૦૪/૦૪/૨૦૧૯ લેખીત દલીલો રજુ થયેલ છે.વધુમાં સંસ્થા તરફે વિ.વ.શ્રી ગાંધી દ્વારા આ કામે તા.૧૩/૦૫/૨૦૧૯ નાં રોજ મૌખીક દલીલો પણ અત્રેની અદાલત સમક્ષ કરવામાં આવેલ છે. સામાવાળા સંસ્થા તરફે નાં વિ.વ.શ્રી તેઓની આંક–૭૯ થી રજુ લેખીત દલીલોમાં જણાવે છે કે, સામાવાળા કંપનીમાં કામ કરતા કામદારોએ સને –૧૯૯૭ થી સને–૨૦૦૧ નાં સમયગાળામાં કંપનીએ જાહેર કરેલી વી.આર.એસ. સ્કીમમાં કંપીનમાં કામ કરતા કામદારોમાંથી કુલ–૧૮૭ કર્મચારીઓ રાજીનામું આપી સ્કીમનો લાભ મેળવી છુટા થયેલા. આ કામનાં અરજદારે સને–૨૦૦૧માં વી.આર.એસ. સ્કીમ અન્વયે રાજીનામું આપી મળવા પાત્ર લાભો સ્વીકારી કંપનીમાંથી છુટા થયેલ છે. આ કામનાં અરજદાર દ્વારા તા.૧૦/૧૨/૨૦૦૧નાં રોજ વી.આર.એસ. સ્કીમ નાં અરજી ફોર્મમાં સહી કરીને કંપનીને વી.આર.એસ. અન્વયે લાભો મેળવી છુટા થવા માંગતા હોવાની અરજી આપેલ.જે અરજીનો સ્વીકાર કંપનીએ કરી અરજદારને તા.૧૫/૧૨/૨૦૦૧ નાં રોજ કામનાં કલાકો બાદ છુટા કરવાનો રીલીવ ઓર્ડર આપેલ હતો. વધુમાં વી.આર.એસ. સ્કીમ મુજબ અરજદારને કુલ રકમ રૂા.૭,૯૭,૮૦૧.૨૬/– ચુકવી

આપવામાં આવેલ છે. વધુમાં અરજદારની ગ્રેજ્યુઈટી રકમ મેળવવાનાં ફોર્મમાં પણ અરજદારે તેઓ વી.આર.એસ. સ્કીમથી છુટા થયેલ હોવાનું જણાવેલ હતું.

૭.૧) વધુમાં સામાવાળા સંસ્થા તરફેનાં વિ.વ.શ્રી તેમની આંક–૭૯ થી રજુ લેખીત દલીલોમાં જણાવે છે કે, આ કામનાં અરજદાર વી.આર.એસ. સ્કીમ અન્વયે તા.૧૫/૧૨/૨૦૦૧નાં રોજ સ્વૈચ્છીક નિવૃત થયા બાદ તા.૩૧/૦૫/૨૦૦૪ નાં રોજ અરજદારે તેમના વકિલશ્રી મારફત સંસ્થાને પત્ર લખી ખોટો અને ગેરકાયદેસર નો વિવાદ વિલંબથી ઉપસ્થિત થયેલ છે. વધુમાં સામાવાળા સંસ્થા તરફે આંક – ૭૯ ની દલીલોમાં રેકર્ડ પરનાં મૌખીક તથા દસ્તાવેજી પુરાવાનો ઉલ્લેખ કરી જણાવેલ છે કે, આ કામનાં અરજદાર વી.આર.એસ. સ્કીમ સ્વીકારી સ્વૈચ્છીક નિવૃત થયેલ છે. વી.આર.એસ. સ્કીમ હેઠળ સ્વૈચ્છીક રાજીનામું અરજદારે કયારેય પરત ખેંચેલ નથી. આ કામે માર્ક–૫૬/૨ થી રજુ વી.આર.એસ. સ્કીમનો લાભ મેળવેલ કર્મચારીઓનાં નામ ધ્યાને લેતા તેમાં ક્રમ નં. ૧૮૦ થી અરજદારનું નામ છે.માર્ક–૫૬/૨ નાં લીસ્ટમાં જણાવેલ ૧૮૭ કર્મચારીઓમાંથી ફકત અરજદારે જ હાલનો ખોટો વિવાદ વી.આર.એસ. સ્કીમ નાં લાભો સ્વીકારી ૨૯ માસ બાદ ખોટી રીતે ઉપસ્થિત કરેલ છે.

૭.૨) વધુમાં સામાવાળા સંસ્થા તરફેનાં વિ.વ.શ્રી તેમની આંક–૭૯ થી રજુ લેખીત દલીલોમાં જણાવે છે કે, આ કામે સામાવાળા સંસ્થા તરફે માર્ક–૫૬/૧૧ થી સને–૨૦૦૧–૦૨ નાં વર્ષનો અન્યુઅલ રીપોર્ટ રજુ થયેલ છે જેમાં પાના નં.૨૪, ૨૯, અને ૩૭માં વી.આર.એસ. સ્કીમ હેઠળ છુટા થયેલ કર્મચારીઓને ચુકવેલ રકમનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. વધુમાં સામાવાળા સંસ્થામાં સને–૧૯૯૭માં જાહેર કરવામાં આવેલ વી.આર.એસ. સ્કીમ સને–૨૦૦૧ સુધી ચાલુ રહેલ. સંસ્થાનાં ૧૮૭ કર્મચારીઓએ વી.આર.એસ. સ્કીમનો લાભ સ્વીકારી નોકરીમાંથી

સ્વૈચ્છીક નિવૃતી લીધેલ છે.વધુમાં આ કામનાં અરજદારે તેમની ઉલટતપાસ માં સંસ્થાનાં આંક–૧૦નાં લીસ્ટથી રજુ થયેલ દસ્તાવેજોમાં પોતાની સહી સ્વીકારેલ છે. આ કામનાં અરજદારે વી.આર.એસ. સ્કીમ અન્વયે કરેલ અરજીથી વી.આર.એસ. સ્કીમનાં લાભોની રકમ મેળવી ત્યાં સુધી કોઈ વાંધો લીધેલ નથી. વધુમાં અરજદાર તેમની ઉલટતપાસમાં એ હકિકત કબુલ રાખે છે કે,તેમની પાસેથી બળજબરીપુર્વક રાજીનામુ લેવા અંગે નજીકનાં પોલીસ્ટેશનમાં કોઈ ફરીયાદ કરેલ નથી. વધુમાં અરજદારે સ્વૈચ્છીક નિવૃતી સ્વીકાર્યા બાદ ઘણાં લાંબા સમય પછી હાલનો વિવાદ ઉપસ્થિત થયેલ છે. જેથી અરજદારનો હાલનો વિવાદ ચાલી શકે તેમ નથી.

૭.૩) વધુમાં સામાવાળા સંસ્થા તરફેનાં વિ.વ.શ્રી તેમની આંક–૭૯ થી રજુ લેખીત દલીલોમાં જણાવે છે કે,આ કામનાં અરજદાર વી.આર.એસ. સ્કીમનાં લાભ મેળવી સામાવાળા સંસ્થામાંથી છુટા થયેલ હોય,અરજદાર તથા સામાવાળા સંસ્થા વચ્ચે કામદાર માલિકનાં સંબંધનો અંત આવેલ છે.તે સંજોગોમાં અરજદારનો સમાવેશ આઈ.ડી. એકટ ની કલમ ૨(એસ) મુજબ '' કામદાર '' ની વ્યાખ્યામાં થતો નથી.વધુમાં અરજદારનાં માંગણા નિવેદનમાં જણાવ્યા મુજબ કંપનીનાં મેનેજર રજનીકાંત પટેલ અને યુનીયન લીડર દીનેશ પટેલે અરજદાર પાસેથી બળજબરીપુર્વક તા.૧૦/૧૨/૨૦૦૧ નાં રોજ રાજીનામું લખાવી લીધેલ.જે બાબતે અરજદારે મેનેજર રજનીકાંત પટેલ તેમજ યુનીયન લીડર દીનશે પટેલ વિરુધ્ધ કોઈ પોલીસ ફરીયાદ આપેલ નથી. હકિકતમાં અરજદારનું રાજીનામું કંપનીનાં ગૃપ એચ.આર. મેનેજર શ્રી પરેશ અંબાણીએ સ્વીકારી અરજદારને વી.આર.એસ. નાં લાભો આપેલ છે. જેથી અરજદારે જણાવેલ મુજબ યુનીયન લીડર દીનશ પટેલ તથા મેનેજર રજનીકાંત પટેલે અરજદારે સ્વૈચ્છીક રાજીનામું આપવા કોઈ

ધાકધમકી આપેલ હોવાનું માની શકાય તેમ નથી.

૭.૪) વધુમાં સામાવાળા સંસ્થા તરફેનાં વિ.વ.શ્રી તેમની આંક–૭૯ થી રજુ લેખીત દલીલોમાં જણાવે છે કે,આ કામે સામાવાળા સંસ્થા તરફ આંક–૬૧ થી સંસ્થાના સાહેદ સૌરીન વિરેન્દ્રભાઈ શાહ ની જુબાની રજુ થયેલ છે. જે જુબાનીથી સંસ્થાનાં બચાવને સમર્થન મળી રહે છે.વધુમાં અરજદારનાં પુત્ર નામે રમેશભાઈ ગણપત ભાઈ રાઠોડ પણ સામાવાળા સંસ્થામાં સને–૧૯૯૩ થી ફરજ બજાવે છે. આ કામનાં અરજદાર હાલ તેમનાં પુત્રની સાથે રહે છે. વધુમાં આ કામે રજુ થયેલ અરજદારની બેન્ક પાસબુકની ઝેરોક્ષ ધ્યાને લેતા તેમાં અવારનવાર મોટી રકમો જમા થયેલ છે. આમ અરજદાર સામાવાળાા સંસ્થામાંથી નિવૃત થયા બાદ કામ ધંધો કરી સારી એવી આવક મેળવતા હોવાનું પુરવાર થાય છે. આ કામનાં અરજદાર સામાવાળા સંસ્થાએ જાહેર કરેલ વી.આર.એસ. સ્કીમ અન્વયે તમામ નાણાકીય લાભો મેળવી સ્વૈચ્છીક રીતે નિવૃત થયેલ છે. જેથી આ કામનાં અરજદાર તે સામાવાળા સંસ્થામાં તેમની નોકરીની મુળ જગ્યાએ પુન:સ્થાપિત થવા હકકદાર બનતા ન હોય, અરજદારને હાલનો રેફરન્સ કેસ રદ કરવા અરજ ગુજારેલ છે.વધુમાં સામાવાળા સંસ્થા તરફેનાં વિ.વ.શ્રી ધ્વારા તેમની ઉપરોકત લેખીત દલીલો સમર્થનમાં આંક–૮૦ નાં લીસ્ટથી નીચે મુજબનાં ન્યાયીક ચુકાદાઓ રજુ થયેલ છે. જે તમામ ન્યાયીક ચુકાદાઓ અત્રેની અદાલત ધ્વારા માનપુર્વક રીતે વંચાણે લેવામાં આવેલ છે.

<u>સામાવાળા સંસ્થા તરફે રજુ થયેલ ન્યાયીક ચુકાદાઓ :–</u>

1) Bank of India and Others. Vs. Pale Ram Dhania
2005 (104) FLR Page No.409 (Supreme Court)

2) V.Raamalingam Vs. (1) Presiding Office, II Additional Labour

Court, Chennai (2) S.M.R. Jackson Vice President4 Such Boake 2007 (1) LLN Page No. 265 (Madras High Court) Division Bench

(3) Yugeshwar Kumar Vs. Union Of India and Others

2003 (2) LLJ Page No. 1021 (Patna High Court) Division Bench

(4) Mr. Balasaheb Rangnath Navale & Others. Vs. M/s Bharat Forge Limited, 2008 LLR Page No. 523(Bombay High Court)

(5) Chandmal Chayal Vs. State of rajasthan

2006(111) FLR Page No. 753(Supreme Court)

(6) CEAT Ltd. Vs. Anand Abasaheb Hawaldar & Ors.

2006 LLR Page No. 335 (Supreme Court)

(7) Purandaran Vs. Hindustan Lrver Ltd.

2001 (89) FLR Page No. 522 (Kerala High Court)

(8) Everestee Vs. District Labour Court Officer

1999 (2) CLR Page No. 380 (Kerala High Court)

(૮) પક્ષકારો તર્ફે રજુ તેમના પક્ષ નિવેદનો,રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા, દલીલો તથા રજુ ચુકદાઓના પ્રસ્થાપિત સિધ્ધાંતો લક્ષમાં લેતાં સદરહુ રેફરન્સના ન્યાય – નિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

–:: મુદ્દાઓ ::–

મુદ્દા નં.૧ :– શું અરજદાર પુરવાર કરે છે કે, સામાવાળા સંસ્થા દ્વારા તેમને તા.૧૫/૧૨/૨૦૦૧ ના ઓફીસ સમય બાદથી છુટા કરવાનું

કૃત્ય ગેરકાયદેસરનું અને અન્યાયી હોવાથી,તેઓ તેમના પડેલ દિવસોના પુરા પગાર સાથે તેમની નોકરીની મૂળ જગ્યા એ પુન:સ્થાપિત થવા હકકદાર છે?

મુદ્દા નં.૨ :– શું સામાવાળા સંસ્થા પુરવાર કરે છે કે,આ કામના અરજદાર સ્વૈચ્છીક રીતે સંસ્થાની વી.આર.એસ.સ્કીમ હેઠળ રાજીનામું આપી છુટા થયેલ હોવાથી તેમજ હાલ અરજદાર અને સામાવાળા સંસ્થા વચ્ચે કોઈ કામદાર–માલિકના સબંધ ન હોવાથી હાલનો રેફરન્સ રદ થવા પાત્ર છે?

મુદ્દાનં.૩ :– શું હુકમ ?

(૯) ઉપરોકત મુદાઓનાં મારા તારણો તથા કારણો નીચે મુજબ છે.

–:: તારણો ::–

(૧) મુદ્દા નં.૧ :– ''અંશત: હકારમાં'',

(૨) મુદ્દા નં.૨ :– ''નકારમાં'',

(૩) મુદ્દા નં.૩ :– ''આખરી હુકમ મુજબ''

–: કા ર ણો :–

(૧૦) મુદા નં.૧ અને ૨ :–

૧૦.૧) ઉપરોકત બંને મુદ્દાઓ એકબીજા પરસ્પર સંકળાયેલ હોય પુનરાવર્તન ટાળવાના હેતુથી બંને મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે. આ કામે પક્ષકારો તરફે રજુ તકરારના સમર્થનમાં મૌખીક દસ્તાવેજી પુરાવાઓ લક્ષમાં લેતા આ તબકકે કાયદાની જરુરી જોગવાઈઓનો અત્રે ઉલ્લેખ કરવો જરુરી જણાય છે. જે ઔદ્યોગીક વિવાદ ધારાની જોગવાઈઓ નીચે મુજબ છે.

કલમ–૨ (૦૦) 'છટણી' એટલે શિસ્તના પગલાં તરીકે કરેલી શિક્ષારૂપે હોય

તે સિવાય બીજી રીતે ગમે તે કારણસર માલિકે કરેલી કોઈ કામદારની નોકરીની સમાપ્તિ, પણ તેમાં નીચેનાનો સમાવેશ થતો નથી.

(a) કામદારની સ્વૈચ્છાપુર્વકની નિવૃતિ; અથવા

(b) માલિક અને સંબંધિત કામદાર વચ્ચેનો રોજગાર કરારમાં તે માટે શરત હોય તો નિવૃતિ વયે પહોંચતા કામદારની નિવૃતિ, અથવા

(bb) માલિક અને સંબંધિત કામદાર વચ્ચેના રોજગારના કરાર પુરો થયે તાજો ન કરવાના અથવા તેમાં જણાયેલી તે માટેની શરત હેઠળ આવા કરારની સમાપ્તિના કારણે કામદારની નોકરીની સમાપ્તિ, અથવા

(c) માંદગીના કારણે કોઈ કામદારની નોકરીની સમાપ્તિ;

<u>કલમ–૨૫–ખ (25 – B) સળંગ નોકરીની વ્યાખ્યા.</u>

આ પ્રકરણના હેતુઓ માટે –

(૧) કોઈ કામદાર, બિમારી અથવા અધિકૃત રજા અથવા અકસ્માત અથવા ગેરકાયદેસર ન હોય એવી હડતાલ અથવા તેની કોઈ કસુરના લીધે ન હોય તેવી તાળાબંધી અથવા કામબંધીને કારણે ખંડિત થાય તેવી નોકરી સહિતની અખંડ નોકરીમાં હોય તો તેટલી મુદત સુધી સળંગ નોકરીમાં છે એમ કહેવાય ;

(૨) એક વર્ષ અથવા છ મહિના સુધી ખંડ (૧) ના અર્થમાં સળંગ નોકરીમાં ન હોય, ત્યારે તેવા કામદારે, –

(ક) (a) જો તેણે જે તારીખના સંદર્ભમાં ગણતરી કરવાની હોય તે તારીખ પહેલાના બાર અંગ્રજી મહિનાની મુદત દરમિયાન –

(૧) કોઈ ભુગર્ભમાં કામે રાખેલા કામદારના દાખલામાં, એકસો નેવું દિવસ; અને

(૨) બીજા કોઈ દાખલામાં, બસો ચાલીસ દિવસથી ઓછા નહિ તેટલા દિવસો સુધી કોઈ માલિક હેઠળ ખરેખર કામ કર્યુ હોય તો, એક વર્ષની મુદત સુધી;

(ખ) જો તેણે જે તારીખના સંદર્ભમા ગણતરી કરવાની હોય તે તારીખ પહેલા છ અંગ્રેજી મહિનાની મુદત દરમિયાન –

(૧) કોઈ ભુગર્ભ ખાણમાં કામે રાખેલા કામદારના દાખલામાં, પંચાણું દિવસ; અને (૨) બીજા કોઈ દાખલામાં, એકસો વીસથી ઓછા નહિ તેટલા દિવસો સુધી, કોઈ માલિક હેઠળ ખરેખર કામ કર્યું હોય તો, તે છ મહિનાની મુદત સુધી, સળંગ નોકરીમાં છે એમ ગણાશે.

<u>કલમ – ૨૫ એફ– કામદારોની છટણીની પૂર્વ શરતો</u>

કોઈ માલીક હેઠળ ઓછામાં ઓછી એક વર્ષની અખંડ નોકરી કરી હોય એવા કોઈ ઉધોગમાં કામે રાખેલા કામદારની છટણી,

(એ) તે કામદારને છટણીના કારણો દર્શાવતી એક મહીનાની લેખીત નોટીસ આપવામાં આવી ન હોય અને નોટીસની મુદત પુરી ન થઈ હોય અથવા તે કામદારને એવી નોટીસને બદલે નોટીસની મુદત સુધીનું વેતન આપવામાં ન આવે ત્યાં સુધી, પરંતુ

(બી) તે કામદારને છટણી વખતે અખંડ નોકરીના દરેક પુરા વર્ષ માટે અથવા છ મહીનાથી વધુ હોય તેવા તેના ભાગ માટે પંદર દિવસના સરેરાશ પગાર જેટલું વળતર આપવામાં ન આવે ત્યાં સુધી અને

(સી) સમુચિત સરકાર ઉપર અથવા તે સરકાર ગેઝેટમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને નિર્દિષ્ટ કરે તેવા સતાધિકારી ઉપર ઠરાવેલી રીતે નોટીસ બજાવવામાં ન આવે ત્યાં સુધી, કરી શકાશે નહીં.

<u>કલમ–૨૫ જી. છટણી માટેની કાર્યરીતી.</u>

કોઈ ઔધોગીક સંસ્થામાં, ભારતનો નાગરીક હોય એવા કોઈ કામદારની છટણી કરવાની હોય અને સદરહું સંસ્થામાં તે અમુક વર્ગનો કામદાર હોય, ત્યારે માલીક

અને કામદાર વચ્ચે આ માટે કોઈ કબુલાત ન હોય તો સામાન્ય રીતે માલીકે સદરહું વર્ગમાં છેલ્લે કામે રાખ્યો હોય તે કામદારની છટણી કરવી જોઈશે. સિવાય કે માલીકે કારણોની લેખીત નોંધ કરીને કોઈ બીજા કામદારની છટણી કરી હોય.

કલમ–૨૫ એચ. છટણી કરેલા કામદારોને ફરીથી કામે રાખવા બાબત. કોઈ કામદારની છટણી કરવામાં આવી હોય અને માલીક કોઈ વ્યકિતઓને કામે રાખવા માંગે, ત્યારે તેનો, ભારતના નાગરીકો હોય એવા છટણી કરેલા કામદારોને ફરીથી કામે રહેવા માટે ઠરાવવામાં આવે તે રીતે તક આપવી જોઈશે અને એવા છટણી કરેલા કામદારો ફરી કામે રહેવા માંગે તો તેઓને બીજી વ્યકિતઓ કરતા પહેલી પસંદગી આપવી જોઈશે.

નિયમ–૮૧. કામદારોની સિનિયોરિટી–યાદી રાખવા બાબત :

માલિકે, અમુક જે વર્ગના કામદારોની, છટણી કરવાનું વિચારવામાં આવ્યું હોય તે વર્ગના તમામ કામદારોની, તે વર્ગના નોકરીમાંની તેમની સિનિયોરિટી અનુસાર એક યાદી તૈયાર કરવી પડશે અને છટણીની ચોકકસ તારીખના ઓછામાં ઓછા સાત દિવસ પહેલાં ઔદ્યોગિક સંસ્થાની જગામાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળે નોટિસ બોર્ડ ઉપર તેની એક નકલ ચોંટાડાવવી જોઈએ.

૧૦.૨) હાલનાં કામે અરજદાર તરફે તેમનાં આંક–૫ થી રજુ માંગણા નીવેદનનાં સમર્થનમાં આંક–૧૨ થી તા.૦૪/૦૪/૨૦૦૮ નાં રોજ તેમની લેખીત સરતપાસ નું સોગંદનામું રજુ થયેલ છે. જે આંક–૧૨ થી રજુ સરતપાસનાં સોગંદનામામાં આંક–૦૫ થી રજુ માંગણા નિવેદનની હકિકતોનું નિરૂપણ કરવામાં આવેલ છે. વધુમાં, આ કામે સામાવાળા સંસ્થા તરફે શરૂઆતી તબકકે આંક–૧૨ નાં સોગંદનામાં હેઠળ અરજદારની ઉલટતપાસ કરવામાં ન આવતા આંક–૧૩ ની અરજી હેઠળ થયેલ હુકમ મુજબ સામાવાળા સંસ્થા તરફે અરજદારની ઉલટતપાસ

નો હકક બંધ કરવા હુકમ થયા બાદ આંક–૧૫ થી સામાવાળા સંસ્થાનો પુરાવો બંધ કરતો હુકમ થયેલ છે. વધુમાં સામાવાળા સંસ્થા ધ્વારા આંક–૧૭ થી તા.૩૦/૦૬/૨૦૦૯ નાં રોજ તેમનો પુરાવાનો હકક રી–ઓપન કરવા અરજી આપવામાં આવતા, સદરહુ કામનાં મારા પુરોગામી વિ.ન્યાયધિશશ્રીએ આંક–૧૭ ની અરજી ખર્ચ સહીત મંજુર કરી, સામાવાળા સંસ્થાનો પુરાવો નો હકક તથા અરજદારની ઉલટતપાસ કરવાનો હકક રી–ઓપન કરતો હુકમ કરેલ છે.

૧૦.૩) વધુમાં રેકર્ડ પરની હકિકતો વંચાણે લેતા સામાવાળા સંસ્થા તરફે આંક–૨૬ થી રજુ પ્રાથમિક મુદ્દાની અરજી હેઠળ હુકમ થયા બાદ તેમજ આંક–૩૮ની પુરસીસથી અરજદાર તરફે રૂા. ૫,૦૦,૦૦૦/– અત્રેની અદાલતમાં જમા કરાવવામાં આવ્યા બાદ અરજદાર તરફે આંક–૪૫ થી તેમની દસ્તાવેજી પરાવા લીસ્ટ રજુ થયેલ છે. વધુમાં અરજદાર તરફે આંક–૪૬ થી ડીસ્કવરી અરજી રજુ થતા સામાવાળા સંસ્થા તરફે આંક–૪૭ થી અરજદારની ડીસ્કવરી અરજીનો જવાબ રજુ થતા અત્રેની અદાલતનાં મારા પુરોગામી વિ.ન્યાયાધિશશ્રીએ આંક–૪૬ની ડીસ્કવરી અરજી અંશત: મંજુર કરી ડીસેમ્બર ૨૦૦૧નાં અરસામાં સામાવાળા સંસ્થામાં અમલમાં ચાલુ હોય તેવી સ્વૈચ્છીક નિવૃતી યોજનાની નકલ રજુ કરવા હુકમ કરેલ છે. જે હુકમ મુજબ સામાવાળા સંસ્થા તરફે ડીસેમ્બર ૨૦૦૧નાં સમયમાં તેમની સંસ્થા માં અમલમાં હોય તેવી કોઈ માન્ય સ્વૈચ્છીક નિવૃતી યોજનાની નકલ રજુ થયેલ નથી.

૧૦.૪) હાલનાં કામે ઉપર મુજબનાં પ્રોસીડીંગ્સ થયા બાદ અરજદાર તરફે આંક–૪૮ થી તા.૦૭/૦૩/૨૦૧૭ નાં રોજ તેમની વધારાની લેખીત સરતપાસ રજુ થયેલ છે. જે આંક–૪૮ થી રજુ વધારાની લેખીત સરતપાસમાં અરજદારે જણાવ્યા મુજબ સામાવાળા સંસ્થા ધ્વારા અરજદાર પાસેથી ગેરકાયદેસર રીતે ધાક–ધમકી

આપી સહીઓ કરાવી લઈ નોકરીમાંથી છુટા કરવામાં આવેલ છે. વધુમાં સામાવાળા સંસ્થા તરફે રજુ થયેલ તેમના લેખીત જવાબમાં કોઈ રકમ જમા કરાવવા બાબતે કોઈ મુદ્દો ઉપસ્થિત કરવામાં આવેલ નથી. વધુમાં અરજદારના જણાવ્યા મુજબ સામાવાળા સંસ્થા દ્વારા વી.આર.એસ.સ્કીમ હેઠળ અરજદાર પાસેથી રાજીનામુ લખાવી અરજદારને નોકરીમાંથી છુટા કરવામાં આવેલ છે.અરજદારને છુટા કરવામાં આવેલ ત્યારે તેમની નોકરીનાં ૧૦ વર્ષ બાકી હતા. અરજદારની જાણ મુજબ જે કામદારની નોકરી પ વર્ષ કે તેથી ઓછી બાકી હોય તેમના માટે સદરહું વી.આર.એસ. સ્કીમ બહાર પાડવામાં આવેલ હતી. વધુમાં અરજદારનાં જણાવ્યા મુજબ તેઓની જન્મ તારીખ ૧૯/૧૨/૧૯૫૫ છે. તેઓની ઉંમર ૬૦ વર્ષ થી વધુ થઈ ગયેલ હોવાથી તેઓ નિવૃતી અન્વયે મળવા પાત્ર તમામ લાભો અને તેઓને છુટા કર્યા તારીખથી રીટાયર તારીખ સુધીનો પડેલ દિવસોનો પુરો પગાર મેળવવા હકકદાર છે. વધુમાં અરજદારે જણાવ્યા મુજબ તેઓને નોકરીમાંથી છુટા કર્યા બાદ,તેઓએ અન્ય જગ્યાએ નોકરી મેળવવા પ્રયત્નો કરેલ હોવા છતા તેઓને અન્ય કોઈ જગ્યાએ નોકરી મળેલ નથી.

૧૦.૫)હાલનાં કામે આંક-૧૨ અને આંક-૪૮ થી રજુ થયેલ અરજદારની લેખીત સરતપાસ અન્વયે સામાવાળા સંસ્થાનાં વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ અરજદારની અગત્યની એવી ઉલટતપાસ વંચાણે લેતા તેમાં અરજદારનાં જણાવ્યા મુજબ,તેઓ રજનીકાંતભાઈને ઓળખે છે.જેઓ મેનેજરનાં હોદ્દા પર હતા. અરજદાર નું બળજબરીપુર્વક રાજીનામું લીધેલું તે અંગે તેઓએ કંપનીમાં મૌખીક ફરીયાદ કરેલી,પરંતુ લેખીતમાં કોઈ ફરીયાદ કરેલ નથી.અરજદારનું બળજબરી પુર્વક રાજીનામું લેવા અંગે તેઓએ નજીકનાં કોઈ પોલીસ સ્ટેશનમાં લેખીત ફરીયાદ કરેલ નથી. વધુમાં અરજદારને તેમની ઉલટતપાસ દરમ્યાન આ કામે માર્ક-૧૦/૧ થી

રજુ વોલેન્ટરી રીટાયર્ડમેન્ટ એપ્લીકેશન ફોર્મ બતાવવામાં આવતા, અરજદારનાં જણાવ્યા મુજબ સદરહુ વોલેન્ટરી રીટાયર્ડમેન્ટ એપ્લીકેશન ફોર્મમાં તેમની સહી જબરજસ્તીથી કરાવેલ. વધુમાં અરજદારનાં જણાવ્યા મુજબ તા.૧૦/૧૨/૨૦૦૧ કે તા.૧૧/૧૨/૨૦૦૧નાં રોજ કંપનીમાં અરજદારની મળજબરીપુર્વક સહી લેવા અંગે કોઈ ફરીયાદ કરેલ નથી.

૧૦.૬)વધુમાં અરજદાર તેમની આંક–૧૨ તથા આંક–૪૮ થી રજુ લેખીત સરતપાસ અન્વયેની ઉલટતપાસમાં જણાવેલ છે કે, આ કામ માર્ક–૧૦/૨ થી રજુ પત્રમાં તેઓની સહી છે. જે પત્રમાં અરજદારને સ્વૈચ્છીક નિવૃતી નાણા ચુકવવા અંગેની રકમ દર્શાવેલ છે. વધુમાં અરજદારને તેમની ઉલટતપાસ દરમ્યાન માર્ક–૧૦/૪ બતાવતા અરજદાર જણાવે છે કે,માર્ક–૧૦/૪ નો દસ્તાવેજ તે સામાવાળા સંસ્થા એ અરજદારને તા.૧૫/૧૨/૨૦૦૧નાં રોજ આપેલ પ્રમાણપત્ર છે.વધુમાં અરજદારને તેમની ઉલટતપાસ દરમ્યાન કોર્ટ રેકર્ડ માંથી માર્ક–૧૦/૫ નો દસ્તાવેજ બતાવવામાં આવતા,અરજદારનાં જણાવ્યા મુજબ તે ગ્રેજયુઈટી મેળવવા બાબતે કરેલ અરજી છે.વધુમા અરજદારનાં જણાવ્યા મુજબ સદરહું અરજીમાં તેઓએ રાજીખુશીથી સહી કરેલ નથી,પરંતુ તૈયાર અરજીમાં અરજદાર પાસે બળજબરી પુર્વક સહી કરાવવામાં આવેલ છે. વધુમાં અરજદારના જણાવ્યા મુજબ માર્ક–૧૦/૫ ની અરજીમાં તા.૧૭/૧૨/૨૦૦૧ તેઓએ લખેલ નથી. વધુમાં અરજદારને તેમની ઉલટતપાસ દરમ્યાન માર્ક–૧૦/૬ બતાવવામાં આવતા, અરજદારનાં જણાવ્યા મુજબ તે ગ્રજયુઈટી અંગેનું ફોર્મ સામાવાળા સંસ્થાએ તૈયાર ભરી અરજદારનાં ઘરે મોકલેલ હતું અને જેમાં અરજદારે તા.૦૬/૦૨/૨૦૦૨ નાં રોજ સહી કરેલ હતી.વધુમાં અરજદાર તેમની ઉલટતપાસ દરમ્યાન એ હકિકત કબુલ રાખે છે કે,તા.૧૦/૧૨/૨૦૦૧ થી તા.૦૬/૦૨/૨૦૦૨ સુધી રાજીનામાંનો

વિરોધ કરવા અંગે કોઈ જગ્યાએ લેખીતમાં વિરોધ નોંધાવેલ નથી.

૧૦.૭)વધુમાં આ કામનાં અરજદાર તેમની આંક–૧૨ અને આંક–૪૮ થી રજુ લેખીત સરતપાસ અન્વયેની ઉલટ તપાસમાં જણાવે છે કે,તેમની જન્મ તા.૧૯/૧૨/૧૯૫૫ છે. તેઓ ધોરણ–૫ સુધી ભણેલ છે. ગુજરાતી ભાષા વાંચતા આવડે છે. અંગ્રેજી ભાષા વાંચતા આવડતી નથી.વધુમાં અરજદાર એ હકિકતનો ઈન્કાર કરે છે કે,તેઓએ વી.આર.એસ. અંગેનું રાજીનામું કંપનીમાં પરેશભાઈ અંબાણીને આપેલ હતું.વધુમાં અરજદાર તેમની ઉલટતપાસ દરમ્યાન એ હકિકત કબુલ રાખે છે કે, રાજીનામું બળજબરી પુર્વક લેવા અંગે પરેશભાઈ અંબાણીને કોઈ લેખીતમાં વિરોધ દર્શાવુલ નથી.અરજદાર એ હકિકત કબુલ રાખે છે કે,જે તે સમયે વી.આર.એસ. સ્કીમ મુજબની અરજદારની લેણી નીકળતી રકમ કંપનીએ ચુકવી આપેલી. અરજદાર એ હકિકત કબુલ રાખે છે કે, કંપનીએ સને–૨૦૦૧ ની સાલમાં તેઓને પૈસા ચુકવી આપેલ હતા અને આ વિવાદ સને–૨૦૦૪માં લાવેલ છે. આ ૩ વર્ષનાં વચ્ચેનાં સમયમાં કંપનીને કોઈ લેખીતમાં નોટીસ કે ફરીયાદ આપેલ નથી.વધુમાં અરજદારનાં જણાવ્યા મુજબ સને–૨૦૦૧ બાદ કામ શોધવા લેખીત માં કોઈ અરજી કરેલ નથી. અરજદારના કથન મુજબ તેમનાં કુટુંબનું ભરણપોષણ તેમનો દીકરો કરે છે.

૧૦.૮)વધુમાં હાલનાં કામે સામાવાળા સંસ્થા તરફે તેમનાં આંક–૦૯ થી રજુ લેખીત જવાબનાં સમર્થનમાં આંક–૬૧ થી સંસ્થાનાં સાહેદ તરીકે સંસ્થાનાં નરોડા પ્લાન્ટ ખાતે સીનીયર મેનેજર–વેરહાઉસ ઓપરેશનનાં હોદ્દા ઉપર ફરજ બજાવતા શ્રી સૌરીન વિરેન્દ્રભાઈ શાહની લેખીત સરતપાસનું સોગંદનામું રજુ થયેલ છે. જેઓ દ્વારા તેમની લેખીત સરતપાસમાં સંસ્થાનાં આંક–૯ થી રજુ લેખીત જવાબની હકિકતોનું નિરૂપણ કરવામાં આવેલ છે.વધુમાં અરજદાર તરફેનાં વિ.વ.શ્રી

પી.સી.ચૌધરી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સંસ્થાનાં સાહેદ સૌરીન વિરેન્દ્રભાઈ જણાવે છે કે, **તેમની કંપનીમાં પ્રથમ વખત વી.આર.એસ.સ્કીમ તા.૦૧/૦૯/૧૯૯૯ ના રોજ મુકેલ હતી.જે વી.આર.એસ.સ્કીમ કંપનીમાં તા.૩૦/૦૯/૧૯૯૯ સુધી અમલમાં હતી.એ વાત ખરી છે કે, સપ્ટેમ્બર-૧૯૯૯ પહેલા સામાવાળા કંપનીમાં કોઈ વી.આર.એસ.સ્કીમ અમલમાં ન હતી. સને-૧૯૯૭,૧૯૯૮,૨૦૦૦ અને ૨૦૦૧ નાં વર્ષમાં ચીફ ઈન્કમટેક્ષ કમિશ્નર,બોમ્બે પાસેથી વી.આર.એસ.સ્કીમ અંગે કોઈ મંજુરી લીધેલી કે કેમ?તેની ખબર નથી.એ વાત ખરી છે કે,સપ્ટેમ્બર-૧૯૯૯માં વી.આર.એસ.સ્કીમ પુર્ણ થયા બાદ સદરહુ સ્કીમ સપ્ટેમ્બર ૧૯૯૯ પછી સને-૨૦૦૦ અને ૨૦૦૧ માં એક્ષ્ટેન્ડ કરેલ તે અંગેનાં કોઈ દસ્તાવેજો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, વી.આર.એસ.સ્કીમમાં કોઈ પણ અધિકારીને ૩૦ સપ્ટેમ્બર ૧૯૯૯ પછી વી.આર.એસ.સ્કીમ એક્ષ્ટેન્ડ કરવા અંગે કોઈ સત્તાઓ આપવામાં આવેલ હોય તેઓ ઉલ્લેખ નથી. આ સ્કીમ ઓલ ઈન્ડીયા લેવલે સપ્ટેમ્બર ૧૯૯૯ પછી એક્ષ્ટેન્ડ કરવામાં આવી હોય, તેવા કોઈ દસ્તાવેજો હાલ તેઓ પાસે નથી.**

૧૦.૯) વધુમાં સંસ્થાનાં સાહેદ તેમની આંક-૬૧ હેઠળની ઉલટતપાસમાં જણાવે છે કે, આ કામનાં અરજદારે તા.૨૩/૦૪/૨૦૦૧નાં રોજ રાજીનામાંની અરજી આપેલી. જે રાજીનામાંની અરજી શોધીને તેઓ આ કામે રજુ કરશે. **વધુમાં સંસ્થાનાં સાહેદનાં જણાવ્યા મુજબ અરજદારને તા.૩૧/૦૫/૨૦૦૧નાં રોજ રીલીવ કરવાનાં હતા. એ વાત ખરી છે કે, અરજદાર તા.૩૧/૦૫/૨૦૦૧ પછી પણ ડીસેમ્બર-૨૦૦૧ સુધી નોકરીમાં ચાલુ હતા.** વધુમાં સામાવાળા સંસ્થા ના સાહેદને તેમની ઉલટતપાસ દરમ્યાન સવાલ-જવાબ સ્વરૂપે માર્ક-૪૫/૧થી

રજુ તા.ર૩/૦૪/ર૦૦૧ નાં પત્ર મુજબ અરજદારનું રાજીનામું મંજુર કરેલ નથી? તે બાબતે પુછતા સંસ્થાના સાહેદનાં જણાવ્યા મુજબ અરજદારે સંસ્થાનાં એચ.આર. મેનેજર શ્રી પરેશભાઈ અંબાણીએ તેમની નોકરી ચાલુ રાખવા જણાવેલ હોવાથી, અરજદારને ડીસેમ્બર–ર૦૦૧ સુધી કન્ટીન્યુ રાખેલા. વધુમાં સામાવાળા સંસ્થાના સાહેદ તેમની આંક–૬૧ હેઠળની ઉલટતપાસમાં જણાવે છે કે,**તા.ર૩/૦૪/ ર૦૦૧ પછી નોકરી ચાલુ રહેવા માટે અરજદારે કોઈ લેખીતમાં અરજી આપેલ કે કેમ? તેની ખબર નથી.માર્ક–૪પ/૧ નાં પત્ર અન્વયે અરજદારને મે.– ર૦૦૧માં કોઈ નાંણા ચુકવવામાં આવેલ નહી.વધુમાં સંસ્થાના સાહેદ તેમની ઉલટતપાસમાં એ હકિકત કબુલ રાખે છે કે,આંક–પ૩ નાં કંપનીનાં પ્રિન્ટેડ ફોર્મમાં અરજદારે માત્ર સહી કરેલી.માર્ક–૧૦/૬ અને માર્ક–૧૦/૭ નાં ફોર્મની વિગતો કોણે ભરેલી? તેની ખબર નથી. આ વી.આર.એસ. સ્કીમ સને ૧૯૯૯માં અમદાવાદ ખાતે કંપનીનાં એચ.આર.મેનેજર શ્રીની સહીથી નોટીસ બોર્ડ ઉપર પ્રસીધ્ધ કરેલ હોય તેવા કોઈ દસ્તાવેજો હાલ તેઓ પાસે નથી.**એ વાત ખરી છે કે, એપ્રિલ–ર૦૦૦ થી માર્ચ–ર૦૦૧ સુધી કંપનીમાં એક પણ રાજીનામું આ સ્કીમ મુજબ આવેલ નથી.

૧૦.૧૦)વધુમાં સામાવાળા સંસ્થાનાં સાહેદ સૌરીન વિરેન્દ્રભાઈ શાહ તેમની આંક–૬૧ હેઠળની ઉલટતપાસમાં જણાવેલ છે કે,**સને–૧૯૯૯ની વી.આર.એસ.સ્કીમ સને–ર૦૦૦–ર૦૦૧ સુધી ચાલુ રાખેલી, તેવા કોઈ પત્રો તેઓ પાસે નથી. માર્ક–પ૬/૧ માં સને–૧૯૯૭ નું વી.આર.એસ.સ્કીમ સને–૧૯૯૯ સુધી ચાલુ રાખ્યાનો ઉલ્લેખ નથી. એ વાત ખરી છે કે, માર્ક–પ૬/૧ ની સ્કીમ પેરા–રમાં ઉલ્લેખ કર્યા મુજબ ચીફ કમિશ્નર ઓફ ઈન્કમટેક્ષ,બોમ્બેની તા.૧ર જુલાઈ ૧૯૯૯ ની એપ્રુવલ આવ્યા બાદ સદરહું સ્કીમ અમલમાં**

આવેલી. એ વાત ખરી છે કે, સને–૧૯૯૭, ૧૯૯૮,૨૦૦૦ અને ૨૦૦૧ નાં ચીફ કમિશ્નર ઓફ ઈન્કમટેક્ષનાં કોઈ એપ્રુવલનાં પત્રો તેઓ પાસે નથી. માર્ક–૬૭/૧માં ચીફ કમિશ્નર ઓફ ઈન્કમટેક્ષની એપ્રુવલનો કોઈ ઉલ્લેખ નથી. એ વાતની જાણ નથી કે,સને–૧૯૯૭,૧૯૯૮,૨૦૦૦ અને ૨૦૦૧માં જે કર્મચારીઓએ વી.આર.એસ. સ્કીમ હેઠળ રાજીનામાં આપ્યા તેઓને ઈન્કમટેક્ષ હેઠળ કોઈ એકઝામપ્શન મળેલ નથી.**એ વાત ખરી છે કે, અરજદારને વી.આર. એસ.સ્કીમ હેઠળ જે લાભો આપેલા તેમાંથી ઈન્કમટેક્ષની કોઈ કપાત કરેલ નથી.**એ વાત ખરી નથી કે,વી.આર.એસ.સ્કીમ જેની નોકરી ૫ વર્ષથી ઓછી બાકી હોય તેઓ માટે જ હતી.

(૧૧)વધુમાં હાલના કામે પક્ષકારો રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતા, હાલનાં કામે અરજદાર તરફે તેમનાં આંક–૫ થી રજુ માંગણા નિવેદનનાં સમર્થનમાં આંક–૦૮, આંક–૧૧, આંક–૪૫ તથા આંક–૪૯ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ થયેલ છે. વધુમાં આ કામે સામાવાળા સંસ્થા તરફે તેમનાં આંક–૯ થી રજુ લેખીત જવાબનાં સમર્થનમાં આંક–૧૦,આંક–૫૬ તથા આંક–૬૭ થી દસ્તાવેજી પુરાવ લીસ્ટ રજુ થયેલ છે.વધુમાં હાલનાં કામે બંને પક્ષકારો તરફે રજુ થયેલ ઉપરોકત દસ્તાવેજો પૈકી કોઈ દસ્તાવેજ ખોટો,બનાવટી અથવા ઉપજાવી કાઢેલ હોવા અંગેની કોઈ તકરાર બંને પક્ષકારો પૈકી કોઈપણ પક્ષકાર તરફે ઉઠાવવામાં આવેલ નથી.જેથી હાલનાં રેફરન્સ કેસનાં ન્યાય નિર્ણય માટે અત્રેની મજુર અદાલત ધ્વારા બંને પક્ષકારો તરફે રજુ થયેલ તમામ દસ્તાવેજો વંચાણે લેવામાં આવેલ છે.

૧૧.૧) હાલનાં કામે અરજદાર તરફે તેમનાં આંક–૮ નાં લીસ્ટથી તા.૨૩/૧૧/૨૦૦૫ નાં રોજ રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લેતા,તેમાં માર્ક–૮/૧ થી સામાવાળા

સંસ્થાને માંગણા નિવેદનની નકલ મોકલ્યા અંગેનાં લેટરની ઝેરોક્ષ, માર્ક–૮/૨ થી માંગણા નિવેદનની નકલ રજી.પો.એડી.મારફતે મોકલ્યાની પોસ્ટ ખાતાની સફેદ પાવતી તથા માર્ક–૮/૩ થી માંગણા નિવેદનની નકલ સામાવાળા સંસ્થાને મળી ગયા અંગેની પોસ્ટ ખાતાની એકનોલોજમેન્ટ રજુ થયેલ છે. વધુમાં હાલનાં કામે અરજદાર પક્ષે તેમનાં આંક–૧૧ થી રજુ તા.૦૪/૦૪/૨૦૦૮ નાં દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લેતા માર્ક–૧૧/૧ થી બેન્કમાં ચેક જમા કરાવ્યા અંગેની સ્લીપની ઝેરોક્ષ,માર્ક–૧૧/૨ થી બેન્ક પાસબુકની ઝેરોક્ષ,માર્ક–૧૧/૩ થી અરજદારે તેમનાં વકિલશ્રી મારફત સામાવાળા સંસ્થાને તા.૩૧/૦૫/૨૦૦૪ નાં રોજ પાઠવેલ લીગલ નોટીસ, માર્ક–૧૧/૪ થી રજી.પો.એડી. કર્યાની સફેદ પાવતી અસલ તથા માર્ક–૧૧/૫ થી પોસ્ટ ખાતાની અસલ એકનોલોજમેન્ટ રજુ થયેલ છે.

૧૧.૨)વધુમાં અરજદાર તરફે તેમનાં આંક–૪૫ થી તા.૦૩/૦૫/૨૦૧૬ નાં રોજ રજુ થયેલ દસ્તાવેજો વંચાણે લેતા, માર્ક–૪૫/૧ થી સામાવાળા સંસ્થાએ આ કામનાં અરજદારને તા.૧૩/૦૫/૨૦૦૧ નાં રોજ લખેલ પત્ર અસલ રજુ થયેલ છે. માર્ક–૪૫/૧ થી રજુ પત્ર તથા તેમાં લખેલ વિગતો ખોટી હોવા બાબતેની કોઈ તકરાર સામાવાળા સંસ્થા તરફે ઉઠાવવામાં આવેલ નથી. માર્ક–૪૫/૧ થી રજુ પત્ર વંચાણે લેતા તેમાં સામાવાળા સંસ્થા ધ્વારા અરજદારની તા.૨૩/૦૪/૨૦૦૧ ની અરજી મુજબ સ્વૈચ્છીક નિવૃતી તા.૩૧/૦૩/૨૦૦૧ નાં ઓફીસ સમય બાદથી મંજુર કરી સ્વૈચ્છીક નિવૃતી સ્કીમ હેઠળ અરજદારને રૂા.૫,૦૦,૦૦૦/– ચુકવવા જણાવેલ છે.

૧૧.૩) વધુમાં આ કામે અરજદાર તરફે માર્ક–૪૫/૨ થી રજુ સામાવાળ સંસ્થા ધ્વારા તા.૧૧/૧૨/૨૦૦૧ નાં રોજ અરજદારનાં નામ જોગનો અસલ પત્ર વંચાણે લેતા

તેમાં સામાવાળા સંસ્થા દ્વારા અરજદારની સ્વૈચ્છીક નિવૃતિ અંગેની તા.૧૦/૧૨/૨૦૦૧ ની અરજી સ્વીકારી અરજદારને તા.૧૫/૧૨/૨૦૦૧ નાં ઓફીસ સમય બાદથી છુટા કરી રૂા.૫,૦૦,૦૦૦/– અરજદારને ચુકવવા જણાવેલ છે. વધુમાં આ કામે માર્ક–૪૫/૩ થી રજુ સામાવાળા સંસ્થા દ્વારા અરજદારની કામગીરી બાબતે તા.૧૫/૧૨/૨૦૦૧ નાં રોજ આપવામાં આવેલ પ્રમાણપત્ર ઘ્યાને લેતા,તેમાં અરજદારની કામગીરીનો સમયગાળો તા.૦૧/૦૩/ ૧૯૭૪થી તા.૧૫/૧૨/૨૦૦૧ સુધીનો દર્શાવેલ છે અને અરજદાર તેમની ફરજ દરમ્યાન નિષ્ઠાપુર્વક અને મહેનતથી કામગીરી કરેલ હોવાનું જણાવલ છે. વધુમાં માર્ક–૪૫/૪ નો દસ્તાવેજ વંચાણે લેતા સામાવાળા સંસ્થા દ્વારા અરજદારને તેમની સ્વૈચ્છીક નિવૃતી બાદ મેડીકલ સારવારનાં લાભો તા.૧૫/૦૪/૨૦૧૬ સુધી આપવા ઠરાવેલ હોવાનો અસલ પત્ર તથા માર્ક–૪૫/૫ થી અરજદારની એપ્રિલ–૨૦૦૧ નાં માસની પગાર સ્લીપ તથા અરજદારને આપવામાં આવેલ ઓળખ કાર્ડની ઝેરોક્ષ નકલ રજુ થયેલ છે.

૧૧.૪)હાલનાં કામે અરજદાર પક્ષનાં કેસ મુજબ સામાવાળા સંસ્થા દ્વારા આ કામનાં અરજદાર પાસેથી સવૈચ્છીક નિવૃતી યોજનાં નાં બહાના હેઠળ અગાઉ પણ અપ્રિલ–૨૦૦૧નાં માસમાં સામાવાળા સંસ્થા દ્વારા રાજીનામું લેવામાં આવેલ હતું, પરંતુ એપ્રિલ–૨૦૦૧નાં માસમાં લેવામાં આવેલ સ્વૈચ્છીક નિવૃતી યોજનાં અન્વયેનાં રાજીનામાં બાદ અરજદારને નોકરીમાંથી છુટા કરવામાં આવેલ નહી. વધુમાં અરજદારનાં કથન મુજબ એપ્રિલ–૨૦૦૧નાં સ્વૈચ્છીક રાજીનામાં મુજબ જ સામાવાળા સંસ્થા દ્વારા અરજદાર પાસેથી ખોટી રીતે ગેરરજુઆત કરી ડીસેમ્બર–૨૦૦૧માં સ્વૈચ્છીક નિવૃતી યોજનાં હેઠળની તૈયાર પ્રિન્ટેડ રાજીનામાં ની અરજીમાં અરજદારની સહી મેળવવામાં આવેલ હતી અને આ વખતે સ્વૈચ્છીક

નિવૃતી યોજનાની સ્કીમ પુરી થયેલ હતી અને અરજદારને અગાઉ જેમ વર્તેલ છે તેવુ જ થવાનું છે, તે મતલબનાં ભ્રમમાં રાખી સામાવાળા સંસ્થાનાં મેનેજરશ્રી રજીનકાંત પટેલ તથા યુનીયન લીડર દીનેશભાઈ પટેલ નાંઓએ અન્ય અધિકારી ઓનાં મેળાપીપણામાં અરજદારને નોકરીમાંથી તા.૧૫/૧૨/૨૦૦૧નાં રોજ ખોટી રીતે છુટા કરવામાં આવેલ છે.

૧૧.૫)અરજદાર પક્ષનાં કેસની ઉપરોકત હકિકતો ધ્યાને રાખી માર્ક–૪૫/૧ થી ૪૫/૪ સુધીનાં દસ્તાવેજો વંચાણે લેતા સામાવાળા સંસ્થા ધ્વારા અરજદારને એપ્રિલ–૨૦૦૧નાં સ્વૈચ્છીક નિવૃતી સ્કીમ અન્વયેનાં રાજીનામાં બાદ પણ ડીસેમ્બર –૨૦૦૧ સુધી નોકરીમાં ચાલુ રાખવામાં આવેલ હોવાનું ઉપરોકત દસ્તાવેજી પુરાવાઓથી સાબિત થાય છે. વધુમાં આ કામે આંક–૬૧ હેઠળની સામાવાળા સંસ્થાનાં સાહેદ સૌરીન વિરેન્દ્રભાઈ શાહની ઉલટતપાસ વંચાણે લેતા, તેઓનાં જણાવ્યા મુજબ એપ્રિલ–૨૦૦૧ પછી નોકરીમાં ચાલુ રહેવા માટે અરજદારે સામાવાળા સંસ્થામાં કોઈ લેખીત અરજી આપેલ કે કેમ? તેની તેઓને ખબર નથી. વધુમાં સંસ્થાનાં સાહેદનાં જણાવ્યા મુજબ માર્ક–૪૫/૧ થી રજુ સામાવાળા સંસ્થાનાં તા.૧૩/૦૫/૨૦૦૧નાં પત્ર અન્વયે કોઈ નાણાં અરજદારને ચુકવવામાં આવેલ નહી. આમ, સામાવાળા સંસ્થાનાં સાહેદની ઉપર મુજબની ઉલટતપાસ ધ્યાને લેતા એપ્રિલ–૨૦૦૧ બાદ નોકરીમાં ચાલુ રાખવા અરજદારે સામાવાળા સંસ્થામાં કોઈ લેખીત અરજી કરેલ ન હોવા છતા સામાવાળા સંસ્થા ધ્વારા આ કામનાં અરજદારને ડીસેમ્બર–૨૦૦૧ સુધી નોકરીમાં ચાલુ રાખવામાં આવેલ હોય,અને જે એપ્રિલ–૨૦૦૧નાં સમયગાળા બાદ અરજદાર ને નોકરીમાં ચાલુ રાખવા બાબતે કોઈ લેખીત હુકમ સામાવાળા સંસ્થા તરફે હાલનાં કામે રજુ થયેલ ન હોય, ડીસેમ્બર–૨૦૦૧માં આ કામનાં અરજદારે તેમને નોકરીમાં

ચાલુ રાખવાનાં ખ્યાલ અને સમજ સાથે સામાવાળા સંસ્થામાં સ્વૈચ્છીક ન્વિૃતી યોજના અંગેનાં તૈયાર પ્રિન્ટેડ એપ્લીકેશન ફોર્મમાં સહી કરેલ હોવાનો માની શકાય તેમ છે.

૧૧.૬)વધુમાં હાલનાં કામે સામાવાળા સંસ્થા તરફે તેમનાં આંક–૧૦ થી રજુ તા.૦૯/૦૧/૨૦૦૭નાં દસ્તાવેજો વંચાણે લેતા માર્ક–૧૦/૧થી અરજદારે તા.૧૦/૧૨/૨૦૦૧ નાં રોજ સ્વૈચ્છીક નિવૃતી યોજનાં હેઠળ આપેલ અરજીની ઝેરોક્ષ નકલ, માર્ક–૧૦/૨ થી સામાવાળા સંસ્થા દ્વારા અરજદારની સ્વૈચ્છીક નિવૃતી અંગેની અરજી મંજુર કરતા તા.૧૧/૧૨/૨૦૦૧નાં પત્રની ઝેરોક્ષ નકલ રજુ થયેલ છે.ઉપરોકત માર્ક–૧૦/૧ તથા ૧૦/૨ થી રજુ દસ્તાવેજો ને અરજદાર ની ઉલટતપાસ દરમ્યાન સહી પુરતો આંક–૫૦ અને આંક–૫૧ આપવામાં આવેલ છે. માર્ક–૧૦/૧ (આંક–૫૦) થી રજુ તા.૧૦/૧૨/૨૦૦૧ નાં રોજની સ્વૈચ્છીક નિવૃતી અન્વયેની અરજી વંચાણે લેતા સદરહુ અરજી અંગ્રેજી ભાષામાં તૈયાર કરેલ પ્રિન્ટેડ ફોર્મમાં છે અને જેમાં અરજદારનું નામ, ટીકીટ નંબર, ડીપાર્ટમેન્ટનું નામ, જન્મ તારીખ વગેરે વિગતો અંગ્રેજી ભાષામાં બોલપેનથી પાછળથી લખવામાં આવેલ છે. માર્ક–૧૦/૧ (આંક–૫૦) થી રજુ સ્વૈચ્છીક નિવૃતી યોજના અંગેની ઉપરોકત અરજી ધ્યાને રાખી આ કામે આંક–૧૨ તથા આંક–૪૮ નાં લેખીત સોગંદનામાં હેઠળ સયુકત પણે કરવામાં આવેલ અરજદારની ઉલટતપાસ વંચાણે લેતા, તેમા અરજદારનાં જણાવ્યા મુજબ તેઓ ધોરણ –૫ સુધી ભણેલ છે. તેઓને અંગ્રેજી ભાષા વાંચતા આવડતી નથી.વધુમાં માર્ક–૧૦/૧ (આંક–૫૦) થી રજુ સ્વૈચ્છીક નિવૃતી યોજના અંગેની ઉપરોકત અરજીમાં અરજદારની સહી તેમને અરજીની વિગતો વાંચી, સંભળાવી,સમજાવી અરજદારની રાજીખુશીથી સહી લેવામાં આવેલ હોવા બાબતેનો કોઈ આધારભુત પુરાવો સામાવાળા સંસ્થા તર્ફે આ

કામે રજુ થયેલ નથી.વધુમાં આ કામનાં અરજદારને અંગ્રેજી ભાષા વાંચતા–સમજતા આવડતી હોવાનું બતાવતો પણ કોઈ આધારભુત પુરાવો સામાવાળા સંસ્થા તરફે રજુ થયેલ નથી.

૧૧.૭)વધુમાં અરજદાર પક્ષની તકરાર મુજબ સંસ્થાનાં મેનેજર રજનીકાંત તથા યુનીયન લીડર દીનેશભાઈ પટેલનાંઓએ સંસ્થાનાં મેળાપીપણામાં અરજદાર પાસે થી બળજબરીપુર્વક તા.૧૦/૧૨/૨૦૦૧ નાં રોજ રાજીનામું લખાવી લીધેલ. આ કામનાં અરજદાર તેમની કોર્ટ રૂબરૂની ઉલટતપાસમાં એ હકિકત કબુલ રાખે છે કે, બળજબરીથી રાજીનામું લખાવી લેવા બાબતે તેઓએ કોઈ પોલીસ ફરીયાદ કરેલ નથી. વધુમાં રેકર્ડ પરની હકિકતો ઘ્યાને લેતા આ કામનાં અરજદારને સંસ્થાની સ્વૈચ્છીક નિવૃતી યોજના હેઠળ જાતે સમજી–વિચારી સ્વૈચ્છીક રીતે રાજીનામું આપેલ હોવાનું સાબીત થવા માર્ક–૧૦/૧ (આંક–૫૦) માં સાક્ષી તરીકે સહી કરનાર ઈસમને સાહેદ તરીકે તપાસી માર્ક–૧૦/૧ (આંક–૫૦) ની વિગતો સાબિત થયેલ નથી. વધુમાં જયારે અરજદાર તે અંગ્રેજી ભાષા જાણતા ન હોય તો તેવા સંજોગોમાં માર્ક–૧૦/૧ (આંક–૫૦) સ્વૈચ્છીક નિવૃતી યોજના અન્વયેની અરજીમાં આ કામનાં અરજદારે સમજી–વિચારી સ્વૈચ્છીક રીતે પોતાની સહી કરેલ હોવાનું માની શકાય તેમ નથી.

૧૧.૮)વધુમાં હાલના કામે રેકર્ડ પરની હકિકતો વંચાણે લેતા, અત્રેની મજુર અદાલત ઘ્વારા અરજદારની આંક–૪૬ થી રજુ ડીસ્કવરી અરજી મંજુર કરી ડીસેમ્બર–૨૦૦૧ નાં અરસામાં સામાવાળા સંસ્થામાં ચાલુ હોય તેવી સ્વૈચ્છીક નિવૃતી યોજનાની નકલ રજુ કરવા સામાવાળા સંસ્થાને લેખીતમાં હુકમ કરેલ હોવા છતા આ કામે સામાવાળા સંસ્થા તરફે આંક–૪૬ નાં હુકમ મુજબ ડીસેમ્બર–૨૦૦૧નાં અરસામાં સામાવાળા સંસ્થામાં અમલમાં હોય તેવી કોઈ સ્વૈચ્છીક નિવૃતી યોજનાની નકલ

રજુ થયેલ નથી. આંક–૬૧ થી તપાસવામાં આવેલ સામાવાળા સંસ્થાનાં સાહેદ તેમની કોર્ટ રૂબરૂની ઉલટતપાસમાં એ હકિકત કબુલ રાખે છે કે, સપ્ટેમ્બર – ૧૯૯૯ માં વી.આર.એસ.સ્કીમ પુર્ણ થયા બાદ સદરહુ સ્કીમ સપ્ટેમ્બર–૧૯૯૯ બાદ સને–૨૦૦૦ અને સને–૨૦૦૧માં એક્ષ્ટેન્ડ એટલે કે ચાલુ રાખ્યા અંગેનાં કોઈ દસ્તાવેજો આ કામે સંસ્થાએ રજુ કરેલ ન હોય,સંસ્થાના વિરૂધ્ધમાં અનુમાન કરવાને કારણ રહે છે.

૧૧.૯)વધુમાં આ કામે સામાવાળા સંસ્થા તરફે તેમનાં આંક–૫૬ ના લીસ્ટથી રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લેતા માર્ક–૫૬/૧ થી સપ્ટેમ્બર–૧૯૯૯ નાં માસ દરમ્યાન સામાવાળા સંસ્થામાં મંજુર થયેલ વી.આર.એસ. સ્કીમની નોટીસ, માર્ક–૫૬/૨ થી સામાવાળા કંપનીમાં સને–૧૯૯૬ થી તા.૩૧/૧૨/૨૦૦૧ સુધીનાં સમયગાળામાં વી.આર.એસ.સ્કીમ હેઠળ છુટા થયેલ કામદારો નાં નામ, હોદ્દા, ગ્રેડ,વિગેરે માહિતી દર્શાવતા સ્ટેટમેન્ટની નકલ તથા માર્ક–૫૬/૩ થી માર્ક–૫૬/૧૦ સુધી સંસ્થાનાં અન્ય કર્મચારીઓ આપેલ વી.આર.એસ.સ્કીમ હેઠળનું રાજીનામું સંસ્થાએ મંજુર કર્યા અંગેનાં પત્રો ની ઝેરોક્ષ નકલ રજુ થયેલ છે. સામાવાળા સંસ્થા તરફે આંક–૫૬ નાં લીસ્ટથી રજુ થયેલ ઉપરોકત તમામ દસ્તાવેજો ધ્યાને રાખી આંક–૬૧ હેઠળની સંસ્થાનાં સાહેદની ઉલટતપાસ વંચાણે લેતા તેઓ એ હકિકત કબુલ રાખે છે કે, સને–૨૦૦૧નાં વર્ષમાં ચીફ ઈન્કમટેક્ષ કમિશ્નર, બોમ્બે પાસેથી વી.આર.એસ.સ્કીમ અંગે કોઈ મંજુરી લીધેલ કે કેમ? તેની તેઓને ખબર નથી.વધુમાં સંસ્થાનાં સાહેદ તેમની ઉલટતપાસ દરમ્યાન એ હકિકત કબુલ રાખે છે કે, સપ્ટેમ્બર–૧૯૯૯ પછી વી.આર.એસ.સ્કીમ એક્ષ્ટેન્ડ કરવા અંગે કંપનીના કોઈ અધિકારીને સત્તા આપવામાં આવેલ હોય તેવો ઉલ્લેખ નથી.આંક–૬૧નાં સામાવાળા સંસ્થાનાં સાહેદની ઉપર મુજબની

ઉલટતપાસ ધ્યાને લેતા ડીસેમ્બર–૨૦૦૧ નાં સમયગાળામાં સામાવાળા સંસ્થામાં ઈન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટ માન્ય કોઈ વી.આર.એસ.સ્કીમ અમલમાં હોવાનું સાબિત થતુ નથી.

૧૧.૧૦) વધુમાં સામાવાળા સંસ્થાની તકરાર મુજબ સને–૧૯૯૭ થી ડીસેમ્બર–૨૦૦૧ દરમ્યાન સસ્થામાં કામ કરતા કુલ–૧૮૭ કામદારોએ વી.આર.એસ.સ્કીમ હેઠળ રાજીનામું આપેલ છે, જે કુલ–૧૮૭ કામદારો પૈકી આ કામનાં અરજદારે જ વી.આર.એસ.સ્કીમ હેઠળનાં તેમનાં સ્વૈચ્છીક રાજીનામાંને પડકારેલ હોય, સામાવાળા સંસ્થા ધ્વારા અરજદાર પાસેથી બળજબરીપુર્વક રાજીનામું લખાવી લેવામાં આવેલ હોવાની અરજદારની તકરાર માની શકાય નહી. સામાવાળા સંસ્થા ધ્વારા તેમના બચાવમાં ઉઠાવવામાં આવેલ ઉપરોકત તકરાર ધ્યાને રાખી રેકર્ડ પરની હકિકતો વંચાણે લેતા સામાવાળા સંસ્થા ધ્વારા ડીસેમ્બર–૨૦૦૧ અગાઉ એપ્રિલ–૨૦૦૧માં પણ અરજદાર પાસેથી સ્વૈચ્છીક નિવૃતી અરજી મેળવી અરજદારને તા.૩૧/૦૩/૨૦૦૧ નાં ઓફીસ સમય બાદથી નોકરીમાંથી છુટા કરવા તથા રૂા.૫,૦૦,૦૦૦/–વળતર પેટે અરજદારને ચુકવવા લેખીતમાં અરજદારને જાણ કર્યા બાદ, વીના કોઈ લેખિત હુકમ અરજદારને નોકરીમાં ડીસેમ્બર–૨૦૦૧ સુધી ચાલુ રાખવામાં આવેલ છે. વધુમાં રેકર્ડ પરની હકિકતો ધ્યાને લેતા ડીસેમ્બર–૨૦૦૧નાં અરસામાં સામાવાળા સંસ્થામાં કોઈ માન્ય વી.આર.એસ.સ્કીમ અમલમાં હોવાનું આ કામે સાબીત થયેલ ન હોય ત્યારે અન્ય કામદારોએ વી.આર.એસ.સ્કીમ હેઠળનાં તેમનાં રાજીનામાનો વિરોધ કરેલ ન હોવા માત્રથી અરજદારે સ્વૈચ્છીક નિવૃતિ સ્વીકારેલ હોવાનું માની શકાય તેમ નથી.

૧૧.૧૧) વધુંમાં આ કામે સામાવાળા સંસ્થા ધ્વારા માર્ક–૫૬/૧૧ થી રજુ સને–૨૦૦૧ –૨૦૦૨નાં વર્ષનો અન્યુઅલ રીપોર્ટ અસલ ધ્યાને લેતા તેનાં પાના નં.૨૪, ૨૯ તથા ૩૭ ઉપર વી.આર.એસ.સ્કીમ હેઠળ કંપનીએ કામદારોને ચુકવેલ રકમ દર્શાવેલ છે. માર્ક–૫૬/૧૧ થી રજુ કંપનીનો અન્યુઅલ રીપોર્ટ ધ્યાને રાખી આંક–૬૧ હેઠળની સામાવાળા સંસ્થાનાં સાહેદની ઉલટતપાસ વંચાણે લેતા, સંસ્થાનાં સાહેદ એ હકિકત કબુલ રાખે છે કે,વી.આર.એસ.સ્કીમ અન્વયેનાં ચીફ કમિશ્નર ઓફ ઈન્કમટેક્ષનાં કોઈ એપ્રુઅલ તેઓ પાસે નથી.વધુમાં સંસ્થાના સાહેદ તેમની ઉલટતપાસમાં એ હકિકત પણ કબુલ રાખે છે કે,અરજદારને વી.આર.એસ. સ્કીમ હેઠળ જે લાભો આપેલા તેમાંથી ઈન્કમટેક્ષની કોઈ કપાત કરેલ નથી. આમ, આંક–૬૧નાં સંસ્થાનાં સાહેદની ઉલટતપાસ ધ્યાને લેતા સંસ્થાનાં એન્યુઅલ રીપોર્ટમાં વી.આર.એસ.સ્કીમ હેઠળ સંસ્થાએ તેનાં કામદારોને ચુકવેલ રકમનો ઉલ્લેખ હોવાથી આ કામનાં અરજદારને સામાવાળા સંસ્થામાંથી રાજી–ખુશીથી સ્વૈચ્છીક નિવૃતી સ્વીકારેલ હોવાની હકિકત માની શકાય તેમ નથી.

૧૧.૧૨) વધુમાં હાલનાં કામે સામાવાળા સંસ્થા તરફે નાં વિ.વ.શ્રી ધ્વારા આંક–૭૯ થી રજુ થયેલ તેમની લેખીત દલીલોમાં ઉઠાવવામાં આવેલ તકરાર મુજબ આ કામનાં અરજદારને વી.આર.એસ.સ્કીમ હેઠળ સામાવાળા સંસ્થા પાસેથી તમામ લાભોની રકમ મેળવી લીધેલ હોય અરજદારનો હાલનો વિવાદ ચાલી શકે તેમ નથી. સામાવાળા સંસ્થા તરફેનાં વિ.વ.શ્રી ધ્વારા રજુ થયેલ ઉપર મુજબની લેખીત દલીલો ધ્યાને રાખી, રેકર્ડ પરની હકિકતો વંચાણે લેતા આ કામે સામાવાળા સંસ્થા ધ્વારા આંક–૨૬ થી અરજદારે સ્વીકારેલ વી.આર.એસ.સ્કીમ હેઠળનાં નાણાં કોર્ટમાં જમા કરાવવા અરજી આપતા તથા આંક–૨૮થી જો અરજદાર તેમની સ્વૈચ્છીક નિવૃતી હેઠળ મેળવેલ રકમ કંપનીને પરત ન કરે તો અરજદારનો હાલનો

કેસ રદ કરવા અરજી આપવામાં આવતા,અત્રેની અદાલતનાં મારા વિ.પુરોગામી ન્યાયાધીશશ્રીએ સામાવાળા સંસ્થાની આંક-૨૬ની અરજી મંજુર કરી વી.આર. એસ.સ્કીમ હેઠળ અરજદારે મેળવેલ રકમ રૂા.૭,૯૭,૮૦૧.૨૬/- દીન-૩૦ માં અત્રેની અદાલતમાં જમા કરાવવા હુકમ કરતા,જે હુકમ અન્વયે અરજદારે તેમની આંક-૩૮ની અરજીથી રૂા. ૫,૦૦,૦૦૦/- જમા કરાવતા જે રકમ મુખ્ય ન્યાયાધીશશ્રી,મજુર અદાલત, અમદાવાદનાં પી.એલ.એ.એકાઉન્ટમાં જમા લઈ સદરહું રકમ બેન્કની ફીકસ ડીપોઝીટમાં મુકવામાં આવેલ છે.

૧૧.૧૩) વધુમાં રેકર્ડ પરની હકિકતો ધ્યાને લેતા અરજદાર તરફે આંક-૩૯ થી અરજી આપી આંક-૨૬નાં હુકમમાં સુધારો કરવા અરજ ગુજારવામાં આવતા, અત્રેની કોર્ટનાં મારા પુરોગામી વિ.ન્યાયાધિશશ્રીએ અરજદારની આંક-૩૯ની અરજી નામંજુર કરતો હુકમ કરતા, જે હુકમ સામે અરજદારે નામ.ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સ્પે.સી.એ. નં.૨૫૪૭/૨૦૧૬ દાખલ કરતા, સદરહુ અરજીનાં કામે નામ.ગુજરાત હાઈકોર્ટે તા.૦૯/૦૩/૨૦૧૬નાં રોજ હુકમ કરી અત્રેની અદાલતનાં આંક-૨૬ હેઠળનાં તા.૨૦/૧૦/૨૦૧૫નાં હુકમમાં ફેરફાર કરેલ છે. આમ, રેકર્ડ પરની ઉપરોકત હકિકતો ધ્યાને લેતા આ કામનાં અરજદાર ધ્વારા વી.આર.એસ.સ્કીમ હેઠળ સામાવાળા સંસ્થા પાસેથી મેળવેલ રકમ પૈકી રૂા.૫,૦૦,૦૦૦/- અત્રેની અદાલતમાં જમા કરાવવામાં આવેલ છે.

૧૧.૧૪)વધુમાં હાલનાં કામે રેકર્ડ પરની હકિકતો વંચાણે લેતા સામાવાળા સંસ્થા ધ્વારા વી.આર.એસ.સ્કીમ હેઠળ અરજદારને ડીસેમ્બર-૨૦૦૧નાં માસમાં આપવામાં આવેલ રૂા.૫,૦૦,૦૦૦/-નો ચેક અરજદારે વટાવવા સારૂ તેમનાં બેન્ક એકાઉન્ટમાં તા.૩૦/૦૫/૨૦૧૨નાં રોજ જમા કરાવેલ છે.અરજદાર પક્ષનાં વિ.વ. શ્રીની મૌખીક રજુઆત મુજબ સામાવાળા સંસ્થાનાં અધિકારીઓ ધ્વારા અરજદારને

નોકરીમાં પરત લઈ લેવા મૌખીક બાહેધરી આપવામાં આવતી હોવાથી અરજદારે સદરહુ વળતરનો ચેક આશરે ૫–માસ બાદ તેમનાં બેન્ક એકાઉન્ટમાં જમા કરાવેલ છે.અરજદાર પક્ષનાં વિ.વ.શ્રીની ઉપરોકત મૌખીક દલીલો ધ્યાને રાખી આ કામે આંક–૨૭નાં જવાબ સાથે રજુ થયેલ અરજદારનાં બેન્ક ખાતનું સ્ટેટમેન્ટ ધ્યાને લેતા સામાવાળા સંસ્થા ધ્વારા વી.આર.એસ.સ્કીમ હેઠળ અરજદારને આપેલ ચેક ની રકમ રૂા.૫,૦૦,૦૦૦/– તા.૩૦/૦૫/૨૦૧૨ નાં રોજ અરજદારનાં બેન્ક એકાઉન્ટમાં જમા થયેલ છે. વધુમાં રેકર્ડ પરની હકિકતો વંચાણે લેતા ડીસેમ્બર–૨૦૦૧ ના સમયગાળામાં સામાવાળા સંસ્થામાં કોઈ માન્ય વી.આર.એસ.સ્કીમ અમલમાં ન હોવા છતા,સામાવાળા સંસ્થા ધ્વારા આ કામનાં અરજદાર પાસેથી ખોટી રીતે વી.આર.એસ.સ્કીમ અન્વયે સ્વૈચ્છીક રાજીનામું લેવામાં આવેલ હોય,ત્યારે અરજદારે સામાવાળા સંસ્થા પાસેથી વી. આર.એસ.સ્કીમ હેઠળ રકમ વેળવલ હોવા માત્રથી અરજદારનો હાલનો વિવાદ રદ થવા પાત્ર હોવાની સામાવાળા સંસ્થાની લેખીત દલીલો માની શકાય તેમ નથી.

૧૧.૧૫) વધુમાં હાલનાં કામે આંક–૭૯ થી રજુ લેખીત દલીલોમાં સંસ્થાનાં વકિલશ્રી ધ્વારા ઉઠાવવામાં આવેલ તકરાર ધ્યાને લેતા, તેઓને જણાવ્યા મુજબ આ કામનાં અરજદાર સામાવાળા સંસ્થામાંથી સ્વૈચ્છીક રીતે નિવૃતી મેળવી છુટા થયેલ હોય, અરજદાર અને સામાવાળા વચ્ચે હાલ કોઈ કામદાર–માલિકનાં સંબંધો અસ્તિત્વ માં ન હોય, અરજદારનો સમાવેશ ઔધોગિક વિવાદ ધારાની કલમ–૨(એસ) ''કામદાર'' ની વ્યાખ્યામાં થતો નથી. વધુમાં સામાવાળા સંસ્થા તરફેના વિ.વ.શ્રી ધ્વારા તેઓની ઉપરોકત લેખીત દલીલોનાં સમર્થનમાં નામ. સુપ્રીમ કોર્ટનો ચુકાદો **CEAT Ltd. Vs. Anand Abasaheb Hawaldar & Ors. 2006 LLR Page No. 335 (Supreme Court)** રજુ થયેલ છે. સામાવાળા સંસ્થા તરફે રજુ

થયેલ ઉપરોકત ન્યાયીક ચુકાદો ધ્યાને રાખી ઔધોગિક વિવાદ ધારાની કલમ –ર(કે) ''ઔધોગિક વિવાદ''ની વ્યાખ્યા વંચાણે લેતા,''ઔધોગિક વિવાદ''માં સંસ્થામાંથી છુટા થયેલ કામદાર અને માલિક વચ્ચેનાં વિવાદનો પણ સમાવેશ થાય છે. વધુમાં હાલનાં કામે રેકર્ડ પરની હકિકતો ધ્યાને લેતા સામાવાળા સંસ્થા ધ્વારા ડીસેમ્બર–ર૦૦૧ નાં અરસામાં કોઈ માન્ય વી.આર.એસ. સ્કીમ અમલમાં ન હોવા છતા અરજદાર પાસેથી ગેરરજુઆતનાં આધારે સ્વૈચ્છીક નિવૃતી અંગેની અરજી હેઠળ સહી મેળવી અરજદારને નોકરીમાંથી ખોટી રીતે છુટા કરવામાં આવેલ હોય, સામાવાળા સંસ્થા તરફે તેઓની લેખીત દલીલોનાં સમર્થનમાં રજુ થયેલ ઉપરોકત ન્યાયીક ચુકાદો આ કામે સંસ્થાનાં બચાવને મદદરૂપ બની શકે તેમ નથી, એવુ અત્રેની અદાલતનું નમ્ર પણે માનવુ છે.

૧૧.૧૬) વધુમાં હાલનાં કામે સામાવાળા સંસ્થાનાં વિ.વ.શ્રી ધ્વારા તેમની આંક–૭૯થી રજુ લેખીત દલીલોનાં સમર્થનમાં રજુ થયેલ ન્યાયીક ચુકાદો **Bank of India and Others. Vs. Pale Ram Dhania 2005 (104) FLR Page No.409 (Supreme Court)** વંચાણે લેતા,સદરહુ ચુકાદામાં નામ. સુપ્રીમ કોર્ટનાં ઠરાવ્યા મુજબ સ્વૈચ્છીક નિવૃતી યોજના હેઠળ અરજી આપી તેનાં લાભ મેળવનાર કર્મચારી તે સ્વૈચ્છીક નિવૃતી યોજનાં હેઠળની અરજી પરત ખેંચવા હકકદાર બનતા નથી. સામાવાળા સંસ્થા તરફે રજુ થયેલ ઉપરોકત ન્યાયીક ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને રાખી હાલનાં કામે રેકર્ડ પરની હકિકતો વંચાણે લેતા સ્વૈચ્છીક નિવૃતી યોજના હેઠળ અરજદારને ડીસેમ્બર–ર૦૦૧માં છુટા કરતી વખતે સામાવાળા સંસ્થામાં કોઈ માન્ય સ્વૈચ્છીક નીવૃતી યોજના અમલમાં હોવાનું આ કામે સાબિત થયેલ નથી.વધુમાં રેકર્ડ પરની હકિકતો વંચાણે લેતા સામાવાળા સંસ્થા ધ્વારા અગાઉ પણ એપ્રિલ–ર૦૦૧માં અરજદાર પાસેથી સ્વૈચ્છીક નિવૃતી

યોજના અન્વયે અરજી મેળવી તેમજ અરજદારને નોકરીમાંથી છુટા કરવા લેખિત હુકમ કર્યા બાદ પણ અરજદારને નોકરીમાં ચાલુ રાખવામાં આવેલ છે,ત્યારે ડીસેમ્બર–૨૦૦૧માં આ કામનાં અરજદારે સ્વૈચ્છીક નિવૃતી યોજના હેઠળ સામાવાળા સંસ્થામાંથી નિવૃતી લીધેલ હોવાનું માની શકાય તેમ ન હોય, સામાવાળા સંસ્થા તરફે તેમની લેખીત દલીલોનાં સમર્થનમાં રજુ થયેલ ઉપરોકત ન્યાયીક ચુકાદો સંસ્થાને બચાવને મદદરૂપ બની શકે તેમ નથી.

૧૧.૧૭)વધુમાં હાલનાં કામે સામાવાળા સંસ્થાનાં વિ.વ.શ્રી દ્વારા તેમની આંક–૭૯થી રજુ લેખીત દલીલોનાં સમર્થનમાં રજુ થયેલ ન્યાયીક ચુકાદો **V.Raamalingam Vs. (1) Presiding Office, II Additional Labour Court, Chennai (2) S.M.R. Jackson Vice President4 Such Boake** વંચાણે લેતા તેમાં નામ. મદ્રાસ હાઈકોર્ટનાં ઠરાવ્યા મુજબ વી.આર.એસ.સ્કીમ હેઠળ લાભ મેળવી છુટા થયેલ કર્મચારી ૩–માસ બાદ તેમની પાસેથી ધાક–ધમકી પુર્વક સહી મેળવેલ હોવાની તકરાર ઉઠાવી શકે નહી.સામાવાળા સંસ્થા તરફે રજુ થયેલ ઉપરોકત ન્યાયીક ચુકાદો ધ્યાને રાખી હાલનાં કામે રેકર્ડ પરની હકિકતો વંચાણે લેતા ડીસેમ્બર–૨૦૦૧નાં અરસામાં સામાવાળા સંસ્થામાં કોઈ ઈન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટ માન્ય વી.આર.એસ.સ્કીમ અમલમાં હોવાનું આ કામે સાબીત થયેલ ન હોય,સામાવાળા સંસ્થા તરફે તેમની લેખીત દલીલોનાં સમર્થનમાં રજુ થયેલ ઉપરોકત ન્યાયીક ચુકાદો તેમનાં બચાવને મદદરૂપ બની શકે તેમ નથી.

૧૧.૧૮) વધુમાં હાલનાં કામે સામાવાળા સંસ્થાનાં વિ.વ.શ્રી દ્વારા તેમની આંક–૭૯થી રજુ લેખીત દલીલોનાં સમર્થનમાં રજુ થયેલ ન્યાયીક ચુકાદો **Yugeshwar Kumar Vs. Union Of India and Others 2003 (2) LLJ Page No. 1021 (Patna High Court) Division Bench** વંચાણે લેતા,તેમાં નામ.

પટના હાઈકોર્ટ નાં ઠરાવ્યા મુજબ,વી.આર.એસ.સ્કીમ હેઠળ લાભોની રકમ મેળવી તેને પડકારવાનાં કામદારનાં કૃત્યનાં એસ્ટોપલનો બાધ નડે છે.સામાવાળા સંસ્થા તર્ફેના વિ.વ.શ્રી ધ્વારા તેમની આંક–૭૯ ની લેખિત દલીલોના સમર્થનમાં રજુ થયેલ ઉપરોકત ન્યાયીક ચુકાદો ધ્યાને રાખી,હાલના કામે રેકર્ડ પરની હકીકતો વંચાણે લેતા,અરજદાર હાલનો વિવાદ ઔધોગિક વિવાદ અધિનિયમ,૧૯૪૭ ની કલમ–૧૦(૧) હેઠળ ઉપસ્થિત કરેલ છે.વધુમાં ઔધોગિક વિવાદ અધિનિયમ ની મજુર અદાલત સમક્ષની ન્યાયીક કાર્યવાહીને ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓ ચુસ્ત પણે લાગુ પડતી ન હોય, હાલનાં કામે અરજદાર ડીસેમ્બર–૨૦૦૧નાં સમયગાળામાં સામાવાળા સંસ્થામાં અમલમાં હોય તેવી માન્ય વી.આર.એસ. સ્કીમ હેઠળ પોતાની રાજીખુશીથી સમજી વિચારી સ્વૈચ્છીક નિવૃતી સ્વીકારેલ હોવાનું આ કામે સામાવાળા સંસ્થા તરફે સાબિત થયેલ ન હોય, ત્યારે સામાવાળા સંસ્થાને વિ.વ.શ્રી તરફે રજુ થયેલ ઉપરોકત ન્યાયિક ચુકાદો આ કામે તેમનાં બચાવને મદદરૂપ બની શકે તેમ નથી.

૧૧.૧૯) વધુમાં હાલનાં કામે સામાવાળા સંસ્થાનાં વિ.વ.શ્રી ધ્વારા તેમની આંક–૭૯થી રજુ લેખીત દલીલોનાં સમર્થનમાં રજુ થયેલ ન્યાયીક ચુકાદો **Mr. Balasaheb Rangnath Navale & Others. Vs. M/s Bharat Forge Limited 2008 LLR Page No. 523(Bombay High Court)** વંચાણે લેતા, તેમાં નામ. બોમ્બે હાઈકોર્ટ નાં ઠરાવ્યા મુજબ, સ્વૈચ્છીક નિવૃતી યોજના સ્વીકારી તે હેઠળ લાભ મેળવી આશરે ૧૩ માસ બાદ વિવાદ ઉપસ્થિત કરવાની ફરીયાદ ચાલી શકે નહી. સામાવાળા સંસ્થા તરફે રજુ થયેલ ઉપરોકત ન્યાયિક ચુકાદો ધ્યાને રાખી હાથ પરનાં કેસની વિગતો વંચાણે લેતા, આ કામનાં અરજદારે સામાવાળા સંસ્થા માં ડીસેમ્બર–૨૦૦૧નાં સમયગાળામાં અમલમાં હોય,તેવી કોઈ માન્ય

વી.આર.એસ. સ્કીમ હેઠળ રાજીખુશીથી, સ્વૈચ્છીક નિવૃતી સ્વીકારેલ હોવાનુ આ કામે સાબિત થતુ ન હોય,તેમજ ઔધોગીક વિવાદ ધારાની જોગવાઈઓને સમયમર્યાદાનો કાયદો ચુસ્ત પણે લાગુ પડતો ન હોય,સામાવાળા સંસ્થા તરફેનાં વિ.વ.શ્રી ધ્વારા રજુ થયેલ ઉપરોકત ન્યાયિક ચુકાદામાં હાલનાં કામે તેમનાં બચાવને મદદરૂપ બની શકે તેમ નથી.

૧૧.૨૦)વધુમાં હાલનાં કામે સામાવાળા સંસ્થાનાં વિ.વ.શ્રી ધ્વારા તેમની આંક-૭૯થી રજુ લેખીત દલીલોનાં સમર્થનમાં રજુ થયેલ ન્યાયીક ચુકાદો **Chandmal Chayal Vs. State of rajasthan 2006(111) FLR Page No. 753 (Supreme Court)** વંચાણે લેતા, સદરહુ ચુકાદામાં નામ.સુપ્રિમ કોર્ટનાં ઠરાવ્યા મુજબ રાજીનામું તેનો સ્વીકાર થતા પહેલા જ પરત ખેંચી શકાય.એકવાર રાજીનામાં નો સ્વીકાર થયા બાદ કામદાર-માલિકનાં સંબંધ રહેતા નથી. સામાવાળા સંસ્થા તરફે રજુ થયેલ ઉપરોકત ન્યાયીક ચુકાદો ધ્યાને રાખી હાલનાં કામે રેકર્ડ પરની હકિકતો વંચાણે લેતા,આ કામનાં અરજદાર સામાવાળા સંસ્થામાં તેમની નોકરી માંથી કોઈ રાજીનામું આપેલ હોવાનો અરજદારનો કેસ નથી. વધુમાં રેકર્ડ પરની હકિકતો ધ્યાને લેતા,સામાવાળા સંસ્થા ધ્વારા ડીસેમ્બર-૨૦૦૧માં અરજદાર પાસે થી વી.આર.એસ.સ્કીમ હેઠળ સ્વૈચ્છીક નિવૃતી યોજના અંગેની તૈયાર પ્રીન્ટેડ અરજીમાં સહી લેવામાં આવેલ હોય,તેમજ ડીસેમ્બર-૨૦૦૧ માં સામાવાળા સંસ્થામાં કોઈ માન્ય વી.આર.એસ. સ્કીમ અમલમાં ન હોય,ત્યારે સામાવાળા સંસ્થા તરફેનાં વિ.વ.શ્રી ધ્વારા રજુ થયેલ ઉપરોકત ન્યાયીક ચુકાદો હાલનાં કામે તેઓનાં બચાવને મદદરૂપ બની શકે તેમ નથી.

૧૧.૨૧)વધુમાં હાલનાં કામે સામાવાળા સંસ્થાનાં વિ.વ.શ્રી ધ્વારા તેમની આંક-૭૯થી રજુ લેખીત દલીલોનાં સમર્થનમાં રજુ થયેલ ન્યાયીક ચુકાદો **Purandaran Vs.**

Hindustan Lrver Ltd. 2001 (89) FLR Page No. 522 (Kerala High Court) તથા **Everestee Vs. District Labour Court Officer 1999 (2) CLR Page No. 380 (Kerala High Court)** વંચાણે લેતા,સદરહુ ચુકાદા ઓ માં નામ.કેરાલા હાઈકોર્ટનાં ઠરાવ્યા મુજબ વી.આર.એસ. સ્કીમ સ્વીકારી લાભ મેળવનાર કર્મચારીનો સમાવેશ ''કામદાર''ની વ્યાખ્યામાં થતો ન હોય,તેવા કામદારે ઉપસ્થિત કરેલ કોઈ વિવાદ મજુર અદાલત સમક્ષ ચાલી શકે નહી. સામાવાળા સંસ્થા તરફે રજુ થયેલ ઉપરોકત ન્યાયીક ચુકાદો ઘ્યાને રાખી રેકર્ડ પરની વિગતો વંચાણે લેતા,આ કામનાં અરજદારે પોતાની રાજીખુશીથી સમજીવિચારી વી.આર.એસ.સ્કીમ અન્વયે સ્વૈચ્છીક નિવૃતી સ્વીકારેલ હોવાનું સાબિત થતુ ન હોય તેમજ ડીસેમ્બર–૨૦૦૧ નાં સમયગાળામાં સામાવાળા સંસ્થામાં કોઈ માન્ય વી.આર.એસ.સ્કીમ અમલમાં ન હોય, ઉપરોકત ન્યાયીક ચુકાદો હાલનાં કામે સામાવાળા સંસ્થાનાં બચાવને મદદરૂપ બની શકે તેમ નથી.

૧૧.૨૨)હાલનાં કામે રેકર્ડ પરની ઉપરોકત તમામ હકિકતો ઘ્યાને લેતા,ડીસેમ્બર–૨૦૦૧ માં સામાવાળા સંસ્થામાં કોઈ કાયદા માન્ય વી.આર.એસ. સ્કીમ અમલમાં ન હોવા છતા, સામાવાળા સંસ્થા ઘ્વારા તા.૧૦/૧૨/૨૦૦૧ નાં રોજની વી.આર.એસ.સ્કીમ અન્વયેની અરજીમાં અરજદારની સહી લઈ, જે અરજી અન્વયે તા.૧૫/૧૨/૨૦૦૧ નાં ઓફીસ સમય બાદથી અરજદારને તેમની નોકરીમાંથી છુટા કરવામાં આવેલ હોય,સામાવાળા સંસ્થાનું વી.આર.એસ.સ્કીમ અન્વયે અરજદારને નોકરીમાંથી છુટા કરવાનુ ઉપરોકત કૃત્ય ગેરકાયદેસર હોવાનું સ્પષ્ટ પણે સાબિત થતુ હોય,આ કામનાં અરજદારને તા.૧૫/૧૨/૨૦૦૧ નાં ઓફિસ સમય બાદથી નોકરીમાંથી છુટા કરવાનો સામાવાળા સંસ્થાનો તા.૧૧/૧૨/ ૨૦૦૧ નાં રોજનો હુકમ આથી રદબાતલ ઠરાવવામાં આવે છે.

(૧૨) હાલનાં કામે અત્રેની અદાલત ધ્વારા અરજદારને તા.૧૫/૧૨/૨૦૦૧ નાં ઓફીસ સમય બાદ નોકરીમાંથી છુટા કરવાનો સામાવાળા સંસ્થાનો તા.૧૧/૧૨/૨૦૦૧ નાં રોજનો હુકમ રદ બાતલ ઠરાવેલ છે, ત્યારે આ કામનાં અરજદાર તેમની નોકરીની મુળ જગ્યાએ પુન:સ્થાપિત થવા હકકદાર છે કે કેમ? તે બાબતે રેકર્ડ પરની હકિકતો વંચાણે લેતા આ કામે અરજદાર તરફે તેમનાં આંક-૪૯ નાં લીસ્ટથી અરજદારનાં સ્કુલ લિવીંગ સર્ટીની ઝેરોક્ષ નકલ રજુ થયેલ છે.જેમાં અરજદારની જન્મ તારીખ૧૯/૧૨/૧૯૫૫ દર્શાવેલ છે.વધુમાં અરજદાર ની ઉમર તેમજ જન્મ તારીખ પરત્વે સામાવાળા સંસ્થા તરફે આ કામે કોઈ વિરોધાભાસી પુરાવો રજુ થયેલ નથી,ત્યારે અરજદારની જન્મ તા.૧૯/૧૨/ ૧૯૫૫ ધ્યાને લેતા,આ કામના અરજદાર હાલ તેમની નિવૃતિ વય વટાવી ગયેલ હોવાનુ સ્પષ્ટપણે જાણી શકાય તેમ છે.

૧૨.૧)વધુમાં હાલનાં કામે અરજદાર તરફેનાં વિ.વ.શ્રીની મૌખીક દલીલો મુજબ ડીસેમ્બર-૨૦૦૧ માં અરજદારને છુટા કર્યા બાદ તેઓને અન્ય કોઈ જગ્યાએ નોકરી મળેલ નથી. વધુમાં અરજદારને છુટા કર્યા તારીખથી તેઓને નિવૃતી વય દરમ્યાન અરજદારે અન્ય કોઈ જગ્યાએ નોકરી અથવા કામ-ધંધો કરી કોઈ આવક મેળવેલ હોવા બાબતેનો કોઈ આધારભુત પુરાવો સામાવાળા સંસ્થા તરફે આ કામે રજુ થયેલ ન હોય,અરજદારને તેમની નિવૃતી વય સુધીનાં ૧૦૦% પગારની રકમ બેક વેજીસ તરીકે અપાવવા અરજ ગુજારેલ છે. વધુમાં અરજદાર તરફેનાં વકિલશ્રી ધ્વારા તેમની ઉપરોકત મૌખીક દલીલોનાં સમર્થનમાં નામ.ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો **Veterinary Officer & Ors. Vs. Rajendrashinh R. Jhala 1997 II CLR 986 (Gujrat High Court)** રજુ થયેલ છે. અરજદાર પક્ષે રજુ થયેલ ઉપરોકત ન્યાયીક ચુકાદો તથા કરવામાં આવેલ મૌખીક દલીલો

ધ્યાને રાખી રેકર્ડ પરની હકિકતો વંચાણે લેતા આ કામનાં અરજદારને તા.૧૫/૧૨ /૨૦૦૧નાં રોજથી નોકરીમાંથી છુટા કર્યા બાદ અરજદાર તેમની નિવૃતી વય દરમ્યાન અન્ય કોઈ જગ્યાએ નોકરી ધંધો કરી સારી એવી આવક ધરાવતા હોવા બાબતે સામાવાળા સંસ્થા તરફે કોઈ આધારભુત પુરાવો રજુ થયેલ નથી.વધુમાં હાલના કામે અરજદાર તર્ફે રજુ થયેલ બેંક પાસબુકની ઝેરોક્ષ નકલ ધ્યાને લેતા, અરજદારના બેંક એકાઉન્ટમાં ડીસેમ્બર–૨૦૦૧ પછી અવાર નવાર ઘણી બધી રકમો જમા થયેલ હોય,જે જમા રકમ બાબતે અરજદારપક્ષે કોઈપણ જાતનો ખુલાસો કરવામાં આવેલ ન હોય,અરજદારની ઉંમર, નોકરીનો સમયગાળો તેમજ કામગીરીનો પ્રકાર, અરજદારનો છેલ્લો માસિક પગાર તેમજ અરજદારે હાલનો વિવાદ લાવવામાં કરેલ વિલંબ ધ્યાને લેતા અરજદાર ને પડેલા દિવસોના પગાર સાથે પુન:સ્થાપીત કરવાના બદલે લમસમ વળતર આપવાનું ન્યાયોચીત જણાતું હોય,આ કામના અરજદાર ને છુટા કર્યા તારીખથી અરજદાર ની નિવૃતિવય સુધીનો સમયગાળો લક્ષમાં લઈ અરજદારને સંસ્થાએ વી.આર.એસ.સ્કીમ હેઠળ ચૂકવેલ રકમ ઉપરાંત ફુલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટ પેટે લમસમ રુા.૧૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા દશ લાખ પુરા) વળતર પેટે ચૂકવવાનો સામાવાળા સંસ્થાને હુકમ કરવો ન્યાયોચીત જણાય છે.જેથી ઉપરોકત ચર્ચાના અંતે મુદ્દા નં.૧નો જવાબ ''**અંશત: હકાર**'' માં ઠરાવી તથા મુદ્દા નં.૨ નો જવાબ ''**નકારમાં**'' આપી, મુદ્દા નં.૩ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

–:: આ ખ રી હુ ક મ ::–

(૧) અરજદાર: ગણપતભાઈ રામજીભાઈ રાઠોડનો હાલનો રેફરન્સ (ટી) કેસ નં. ૧૩૪૮/૨૦૦૪ આથી અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદાર/કામદાર ગણપતભાઈ રામજીભાઈ રાઠોડને તા.૧૫/૧૨ /૨૦૦૧ ના ઓફિસ સમય બાદથી તેમની નોકરીમાંથી છુટા કરવાનું સામાવાળા સંસ્થાનું પગલું ગેરકાયદેસર ઠરાવવામાં આવે છે અને ઉપરોકતમાં કરેલ ચર્ચા મુજબ આ કામના અરજદાર તેમની નિવૃતિ વય વટાવી ગયેલ હોય,અરજદારને તેમની નોકરીની મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવાના બદલે અરજદારને સંસ્થાએ વી.આર.એસ.સ્કીમ હેઠળ ચૂકવેલ રકમ ઉપરાંત ફુલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટ પેટે લમસમ રુા.૧૦,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા દશ લાખ પુરા)આ કામના સામાવાળા સંસ્થા : ઈન્ગરસોલ રેન્ડ(ઈન્ડીયા)લી., ઠે. જી.આઈ.ડી.સી.એસ્ટેટ, નરોડા, અમદાવાદે આ એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિવસ– ૯૦ માં અરજદારને ચુકવી આપવા સામાવાળા સંસ્થાને હુકમ કરવામાં આવે છે.

(૩) હાલના કામે અરજદારે જમા કરાવેલ રકમ રૂા.૫,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા પાંચ લાખ પુરા) તથા સદરહું રકમ ઉપર જમા થયેલ વ્યાજની રકમ અરજદારને અપીલ સમય બાદ પરત કરવા જે તે બેંકને યાદી કરવી.

(૪) હાલનો રેફરન્સ ખર્ચના રૂા.૧,૦૦૦/–પ્રથમ પક્ષકાર બીજા પક્ષકારને ચુકવી આપવા તેવો હુકમ કરવામાં આવે છે.

અમદાવાદ
તા.૩૦/૦૫/૨૦૧૯.

(દિપક હસમુખભાઈ ખંભાતી)
ન્યાયાધીશ(સી.ડી)
મજુર અદાલત નં.૪,અમદાવાદ
(જીજે.૦૦૮૬૬)